# આત્મધર્મ

## વર્ષ ૩૦

## સળંગ અંક ૩૫૨

### Version History

| Version Number | Date | Changes |
|---|---|---|
| 001 | Apr 2005 | First electronic version. |

दंसणमूलो धम्मो



# આત્મધર્મ



આત્માર્થિતા વાત્સલ્ય દેવગુરુધર્મની સેવાનો સન્દેશ આપતું માસિક

૩૫૨

## જિનપ્રવચનની ખૂબી... અદ્‌ભુત ચૈતન્યમહિમા !

જિનપ્રવચનનું જે રહસ્ય આજે આપણને શ્રી ગુરુદેવના મુખેથી સાંભળવા મળે છે–તેમાં એક ખૂબી છે... એવી સુંદર ખૂબી છે કે જ્યાં સુધી એ પ્રવચન સાંભળીએ ત્યાં સુધી સતતપણે ચૈતન્ય પરમવસ્તુ જ જગતમાં સર્વોત્કૃષ્ટ મહિમાવંત લાગે છે ને એના સિવાય બીજા કોઈ રાગાદિભાવો કે સંયોગો મહિમાવંત લાગતા નથી. – જિનપ્રવચન વડે જે પરમસ્વભાવના મહિમાને લક્ષગત કરે છે તેની રુચિમાં મહાન પલટો થઈ જાય છે. અને ચૈતન્યતત્ત્વમાં તેની રુચિ એવી ઘૂસી જાય છે કે અંતરમાં ઊંડે પ્રવેશીને ચૈતન્યના અનંત નિર્મળ ભાવોને બહાર કાઢીને આનંદથી તેને વેદે છે. આવા ચૈતન્યમહિમાની વીતરાગી ધારા ગુરુદેવના પ્રવચનમાં સદાય વહે છે... તેને ઝીલીને હે જીવો! અંતરમાં અદ્‌ભુત ચૈતન્યમહિમાનો સાક્ષાત્કાર કરો... ત્યારે જ જિનપ્રવચનનું પરમગંભીર રહસ્ય ખરેખરું સમજાશે.

તંત્રી : **પુરુષોત્તમદાસ શિવલાલ કામદાર** ✻ સંપાદક : **બ્ર. હરિલાલ જૈન**
વીર સં. ૨૪૯૯ મહા ( લવાજમ : **ચાર રૂપિયા** ) વર્ષ ૩૦ : અંક ૪

શ્રી દિ. જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ (સૌરાષ્ટ્ર)

# સમ્પાદકીય

બંધુઓ, આજે આપના હાથમાં આત્મધર્મનો હંમેશાં કરતાં નાનો આ અંક મુક્તાં જોકે થોડો સંકોચ તો થાય છે છતાં પણ નાનકડા અંક દ્વારાય ગુરુદેવના તાજા પ્રવચનોની મધુરી પ્રસાદી થોડીઘણી પણ અમે આપને પહોંચાડી શકીએ છીએ તેથી સંતોષ માનીએ છીએ; ને આપને પણ તે વાંચીને જરૂર પ્રસન્નતા થશે.

આમ તો સંપાદકની તબીયતને કારણે આ અંક બંધ રાખવાનો વિચાર કરેલ, પણ ઘણા જિજ્ઞાસુઓ તરફથી લાગણીપૂર્વક એવી સલાહ થઈ કે હજારો જિજ્ઞસુઓ આત્મધર્મ વાંચવા ઇંતેજાર હશે માટે કોઈપણ રીતે અંક બહાર પડે તો સારૂં. –અમને પણ એ વ્યાજબી લાગ્યું; તેથી જેવડો બની શકે તેવડો અંક પણ બહાર પાડવો એમ વિચારીને માત્ર ૨૪ પાનાંનો આ અંક આપના હાથમાં આપીએ છીએ. ત્રીસ વર્ષના નિયમિત પ્રકાશનમાં આત્મધર્મનો અંક બંધ રહેવાનો પ્રસંગ માત્ર એકજ વાર બન્યો છે. આ નાનો અંક આપ એકને બદલે બે વાર વાંચશો તો ઓછા પાનાનું સાટું વળી જશે; તેમજ અમે પણ હવે પછીના અંકોમાં વિશેષ સામગ્રી આપીને અધૂરા પાનાંની ખોટ પૂરી કરીશું.

પરમ પૂજ્ય ગુરુદેવની મંગલ છાયામાં આનંદ–મંગલપૂર્વક આત્મધર્મ વધુને વધુ પ્રગતિ સાધી રહ્યું છે. આ વર્ષની શરૂઆતથી જ આપણી ગ્રાહક સંખ્યા ત્રણ હજારનો આંકડો વટાવી ચુકી છે–જે અત્યાર સુધીના ૩૦ વર્ષમાં સૌથી વધુ છે. માત્ર ચાર રૂપિયાના લવાજમમાં આપને ભેટપુસ્તક પણ મળે છે; ને આત્મધર્મ દ્વારા જૈનધર્મના જે ઉત્તમ વીતરાગી સંસ્કારો મળે છે તે તો જિજ્ઞાસુઓમાં ઘરેઘરે પ્રસિદ્ધ છે. આપ પણ આત્મધર્મ વાંચો... તેમાં કહેલાં તત્ત્વને સમજો અને ઉત્તમ વીતરાગી ધર્મસંસ્કાર વડે ભવભ્રમણથી છૂટવાનો માર્ગ પ્રાપ્ત કરો... આત્મધર્મના ઉત્તમ સંસ્કારો તમને જરૂર આત્માનો મહાન આનંદ આપશે.

जय जिनेन्द्र

વાર્ષિક
લવાજમ
ચાર રૂપિયા

દંસણ મૂલો ધમ્મો
આત્મધર્મ

વીર સં. ૨૪૯૯
માહ
ફેબ્રુઆરી 1973

# 'આત્મલાભ'નો સોનેરી અવસર

## સુવર્ણપુરીના મંગલ સમાચાર

સુવર્ણપુરીમાં પૂ. ગુરુદેવની મંગલછાયામાં મુમુક્ષુ જીવોને આત્મલાભનો સોનેરી અવસર છે. આ કાળે સંતોની આવી મંગલછાયા પ્રાપ્ત થવી તે મુમુક્ષુ જીવોના મહા ભાગ્ય છે. ગુરુદેવના પ્રતાપે સોનગઢમાં રોજ રોજ ધર્મવૃદ્ધિના મંગલપ્રસંગો બન્યા કરે છે, તે પ્રસંગોમાંથી પરમાગમના સારરૂપ પોતાના નિજાત્માની અપૂર્વ ભાવના પ્રાપ્ત કરીને 'આત્મલાભ' તે મુમુક્ષુનું કર્તવ્ય છે. અહો, ગુરુદેવની મંગલછાયામાં ધર્મવૃદ્ધિના પ્રસંગો સુવર્ણપુરીમાં નિતનિત બન્યા કરે છે... તેના સમાચાર આપતાં આનંદ થાય છે. આવો આત્મલાભ દેનારા ગુરુ મળ્યા તે ધન્ય પ્રસંગ છે.

પરમ પૂજ્ય ગુરુદેવ સુખ–શાંતિમાં બિરાજમાન છે. મહાસુદ પાંચમથી સવારના પ્રવચનમાં શ્રી નિયમસાર–પરમાગમનું વાંચન પુનઃ (કુલ દશમી વખત) પહેલેથી શરૂ થયું છે. નિયમસારની રચના આચાર્ય ભગવાને 'નિજભાવના' અર્થે કરી છે... પરમ ગંભીર ચૈતન્ય પરમદેવની અંતર્મુખ ભાવનાનું તેમાં વારંવાર ઊંડું ઊંડું ઘોલન કર્યું છે... ને વીતરાગરસને પુષ્ટ કર્યો છે. એવા આ પરમાગમ દ્વારા નિજાત્મભાવનાનું ફરી–ફરીને ઘોલન કરતાં ગુરુદેવ પણ પ્રસન્નચિત્તથી વધુને વધુ ખીલતા જાય છે, ને અધ્યાત્મરસઝરતાં પ્રવચનો સાંભળતાં મુમુક્ષુ શ્રોતાજનો પણ નિજાત્માની સમ્યક્ભાવના પ્રાપ્ત કરીને આનંદિત થાય છે.

પ્રવચનનો મંગલ પ્રારંભ કરતાં જ ગુરુદેવે કહ્યું કે આ નિયમસાર બહુ ઊંચી વસ્તુ છે; તેના દ્વારા પોતાના શુદ્ધાત્માની ભાવના વારંવાર કરવા જેવી છે, સર્વજ્ઞ પરમાત્માનો નિર્દોષ ઉપદેશ જાણીને, મેં નિજભાવના માટે આ શાસ્ત્ર રચ્યું છે.. એટલે બીજા શ્રોતાજનોએ પણ આ શાસ્ત્ર દ્વારા વારંવાર નિજભાવના કર્તવ્ય છે. એવી ભાવના માટે આ નિયમસાર ફરીફરીને વંચાય છે.

પ્રસન્નતાથી ગુરુદેવ કહે છે કે–

આજે (માહ સુદ પાંચમે) દશલક્ષણધર્મનો પહેલો દિવસ છે. વીતરાગી દશલક્ષણધર્મ વર્ષમાં ત્રણવાર (મહા ચૈત્ર અને ભાદરવા માસમાં) આવે છે. તેમાં માહ માસના દસલક્ષણ પર્વનો આજે પહેલો દિવસ છે... તેથી મંગલ દિવસ છે, અને આજે આપણે પણ અહીં લાભચોઘડીયે પરમાગમ–પ્રવચનસાર કોતરવાનો પ્રારંભ થાય છે.

મંગળમાં લોકો લખે છે કે 'લાભ સવાયા.' –આપણે પણ લાભનો જ પ્રસંગ છે.

આત્મ–લાભ તે મોક્ષ છે. આત્માની પૂર્ણ શુદ્ધદશાની પ્રાપ્તિરૂપ મોક્ષને 'આત્મલાભ' કહેવાય છે. –આ પર્યાયઅપેક્ષાએ લાભ છે.

અને દ્રવ્ય ત્રણેકાળે પારિણામિકભાવે પ્રાપ્ત છે, તેને 'દ્રવ્ય–આત્મલાભ' કહેવાય છે.

આજે લાભચોઘડીયે પરમાગમના કોતરકામમાં પ્રવચનસારની કોતરણીનો મંગલ પ્રારંભ થાય છે. આ રીતે ધર્મના લાભનો આ પ્રસંગ છે.

સમયસારનું કોતરકામ આજે સમાપ્ત થાય છે, ને પ્રવચનસારના કોતરકામનો પ્રારંભ થાય છે; પંચાસ્તિકાયનું કોતરકામ પહેલાં પૂરું થઈ ગયું છે. ને નિયમસારના પ્રવચનોની આજે ફરી મંગલ શરૂઆત થાય છે. આ રીતે પરમાગમની પ્રભાવનાનો અવસર છે. અંતર્મુખ થઈને નિજાત્માની ભાવના એટલે કે અનુભૂતિ કરવી તે વીતરાગી પરમાગમોનું તાત્પર્ય છે.

મંગળમાં જિનવાણીરૂપ ૐ ના મહિમાપૂર્વક ગુરુદેવે કહ્યું કે અહા! સમવસરણમાં તીર્થંકર ભગવાનના સર્વાંગેથી જે ધ્વનિ છૂટતો હશે–તે કેવો હશે? એની શી વાત! એ વાણીમાં જે શુદ્ધાત્મા કહ્યો છે તેની ફરીફરીને ભાવના આચાર્યદેવે આ નિયમસારમાં કરી છે.

મંગળમાં ટીકાકાર શ્રી પદ્મપ્રભમુનિરાજ સર્વજ્ઞપરમાત્માને નમસ્કાર કરતાં કહે છે

કે હે જિનપરમાત્મા! અમારા અંતરમાં આપ બિરાજો છો... ત્યાં જગતના બીજા કોઈ મોહી દેવોને અમે કેમ નમીએ? જ્ઞાનદર્શનસંપન્ન સ્વસંવેદન–પ્રત્યક્ષ એવો હું આત્મા, મોક્ષનો સાધક–તે વીતરાગ સર્વજ્ઞપરમાત્મા સિવાય બીજા સંસારી–મોહમુગ્ધ જીવોને કેમ નમું?

અહો, અમારા જ્ઞાનમાં સર્વજ્ઞપરમાત્મા વસે છે; તેમાં રાગનો કણિયો પણ ન સમાય ત્યાં બીજા મોહી–અજ્ઞાની જીવોને અમે કેમ માનીએ? અમારા દેવ પરમ–વીતરાગ સર્વજ્ઞ જ છે કે જેમણે ભવોને જીતી લીધા છે... અમે મોક્ષને સાધનારા, તો અમારા ઇષ્ટદેવ પણ એવા છે કે જેમણે આત્માની વીતરાગતાવડે ભવને જીતી લીધા છે. –આવા પરમાત્માને ઓળખીને તેમને જ હું વંદું છું.

માહ સુદ પાંચમની બપોરે લગભગ સવાબાર વાગે પૂ. ગુરુદેવના હસ્તે મશીન પર પ્રવચનસાર કોતરાવાનો મંગલ પ્રારંભ થયો. તેમાં પ્રથમ ૐ તથા ટીકાનો પહેલો મંગળ શ્લોક [ सर्वव्याप्येक... ) ગુરુદેવના સુહસ્તે ઉત્સાહભર્યા વાતાવરણમાં કોતરાયો હતો.

## જ્ઞાનતત્ત્વનો સાધક મુમુક્ષુ

આત્માના આનંદસ્વભાવ સિવાય બીજે ક્યાંય, કોઈ પદાર્થમાં જેને ઉત્સાહ નથી, હર્ષ–શોક પ્રત્યે જેના વીર્યનો ઉલ્લાસ નથી, ઉલ્લાસ એકમાત્ર આત્માની પ્રાપ્તિનો છે; –આવો જીવ મોક્ષનો અર્થી છે; ને મોક્ષને અર્થે તે અનુભૂતિસ્વરૂપ પોતાના આત્માનું સેવન કરે છે.

શરીરસંબંધી અનુકૂળ ઇંદ્રિયવિષયોમાં જેટલો રાગ છે તેટલો પ્રતિકૂળતાનો દ્વેષ પણ ઊભો જ છે. એ જ રીતે પ્રતિકૂળતા પ્રત્યે જેટલો દ્વેષ છે તેટલો અનુકૂળ વિષયોમાં રાગ પણ ઊભો જ છે. અરે, એક જ્ઞાયકતત્ત્વ, તેમાં વળી રાગ–દ્વેષ કેવા? આ અનુકૂળ ને આ પ્રતિકૂળ એ વાત જ્ઞાનતત્ત્વમાં કેવી?

નિંદાની ઝપટ બોલે કે પ્રશંસાના પુષ્પ વેરાય–જ્ઞાનને તે અડતા નથી. આવા જ્ઞાનતત્ત્વને સાધનાર મુમુક્ષુજીવ જગતના પ્રતિબંધ વગર નિજાનંદને સાધે છે.

# પરમાગમના રહસ્યની પ્રસાદી

**શ્રી સમયસાર-પરમાગમ અને નિયમસાર-પરમાગમ એ બંને ઉપર પ્રવચનો દ્વારા ગુરુદેવ ચૈતન્યના શાંત-અધ્યાત્મરસની ધારા વરસાવી રહ્યા છે. સમયસારમાં આસ્રવઅધિકાર દ્વારા, જ્ઞાનીને જ્ઞાનમય ભાવને લીધે કેવું નિરાસ્રવપણુ છે-તે બતાવ્યું છે; અને નિયમસારમાં શુદ્ધભાવ અધિકાર દ્વારા જ્ઞાનીના અંતરમાં ઉપાદેયરૂપ શુદ્ધ પરમ ચૈતન્યતત્ત્વ કેવું છે-તે બતાવ્યું છે. તેમાંથી આનંદમય શુદ્ધતત્ત્વને અનુભવગમ્ય કરાવે એવી થોડીક પ્રસાદી અહીં આપી છે. ( સં. )**

સમ્યગ્દ્રષ્ટિને પોતાના કારણ–કાર્ય બંને શુદ્ધ છે. અને તે સમ્યગ્દ્રષ્ટિ જાણે છે કે બીજા જીવોમાં કારણતત્ત્વ સદા શુદ્ધ છે. પરિણતિની અશુદ્ધતા કાંઈ દ્રવ્ય–ગુણમાં પ્રવેશી નથી ગઈ એટલે દ્રવ્ય–ગુણ અશુદ્ધ થઈ ગયા નથી.

અજ્ઞાનીના આત્મામાંય કારણતત્ત્વ સદાય શુદ્ધ છે. પણ તેને પોતાના શુદ્ધ કારણસ્વભાવની ખબર નથી. જો કારણતત્ત્વની શુદ્ધતાને જાણે તો તેને કાર્ય પણ શુદ્ધ થાય જ.

પર્યાયની અશુદ્ધતાને જ દેખનાર અજ્ઞાનીને તે પર્યાયની પાછળ રહેલું શુદ્ધતત્ત્વ દેખાતું નથી. જ્ઞાનીએ જ્યાં શુદ્ધ કારણતત્ત્વને જાણ્યું ત્યાં પર્યાય પણ તેના આશ્રયે શુદ્ધ થઈને પરિણમી છે, એટલે જ્ઞાનીને તો કારણ–કાર્ય બંને શુદ્ધ છે. પછી જે અલ્પરાગાદિ અશુદ્ધતા હોય તે શુદ્ધતાથી બહાર છે–જુદી છે; તે ખરેખર જ્ઞાનીનું કાર્ય નથી.

અહો, આવા કારણ–કાર્યને સમ્યગ્દ્રષ્ટિજીવ પરમાગમના અનુપમ રહસ્ય વડે જાણે છે; અહો, એકત્વસ્વરૂપ શુદ્ધ આત્મા બધા જીવોમાં શોભે છે. એવા શુદ્ધતત્ત્વને દેખનારી દ્રષ્ટિ તે દ્રવ્યદ્રષ્ટિ છે; ને આવી દ્રવ્યદ્રષ્ટિવાળો જીવ સમ્યગ્દ્રષ્ટિ છે.

સમ્યગ્દ્રષ્ટિ પોતાના શુદ્ધ તત્ત્વને જાણે છે, શુદ્ધ પર્યાય થઈ છે તેને પણ જાણે છે. અને કંઈક અશુદ્ધતા બાકી રહી છે તેને પણ જાણે છે.

ધર્મીએ ચૈતન્યની વીતરાગી શાંતિ વેદી છે; તે ચૈતન્યની શાંતિ પાસે શુભરાગનો કષાયકણ પણ તેને અગ્નિ જેવો લાગે છે. ચૈતન્યની શાંતિમાંથી બહાર નીકળ્યો ત્યારે રાગની અશાંતિ ઊભી થઈ. પણ ચૈતન્યની શાંતિ જેણે દેખી નથી તેને શુભરાગ અગ્નિ જેવો લાગતો નથી. અહા, ચૈતન્યની શાંતિનો સ્વાદ જેણે ચાખ્યો તે તો રાગથી છૂટો પડી ગયો–પછી રાગ શુભ હો કે અશુભ, તે બધાય રાગ અશાંતિ છે– ઘોર સંસારનું મૂળ છે. અરે, રાગમાં તે ચૈતન્યની શાંતિ કેમ હોય ?

અહા, પરમાગમના રહસ્યને વલોવી વલોવીને વીતરાગી સંતોએ ચૈતન્યની શાંતિ રૂપ માખણ કાઢયું છે. ભાઈ ! પરમાગમને વલોવીને તેમાંથી તું શુભાશુભ રાગ ન કાઢીશ; શુભરાગ તે કંઈ પરમાગમનો સાર નથી. પરમાગમનો સાર, પરમાગમનું માખણ, પરમાગમનું રહસ્ય તો અંતરમાં શાંતિનો સાગર આત્મા છે, તેને અનુભવમાં લે. અહો, અકષાયશાંતિનો સાગર આત્મા છે; એ અમૃતના દરિયામાંથી રાગના ઝેરનો કણિયો ન નીકળે.

ચૈતન્યના સ્વભાવમાંથી સિદ્ધપદ અને કેવળજ્ઞાનની શુદ્ધતા નીકળે ત્યારે પણ શક્તિમાં શુદ્ધતા એવી ને એવી પુરેપૂરી છે, શક્તિ કાંઈ ઓછી નથી થઈ ગઈ. તેમ જ પર્યાયમાં ઓછી શુદ્ધતા હોય ત્યારે દ્રવ્યમાં શક્તિરૂપે વધારે છે–એમ પણ નથી. તેમ જ અજ્ઞાનદશા વખતેય શુદ્ધ સ્વભાવ શક્તિપણે એવો ને એવો જ હતો–પણ તે વખતે તેનું ભાન પોતાને ન હતું, ભાન થતાં હવે ખબર પડી કે અહા, જેવું શુદ્ધ તત્ત્વ અત્યારે અનુભવમાં–શ્રદ્ધામાં આવ્યું એવું જ શુદ્ધ તત્ત્વ પૂર્વે પણ મારામાં હતું જ. –હવે તેનું ભાન થતાં પર્યાય પણ શુદ્ધ થઈ. અહો, જેણે આવું શુદ્ધ તત્ત્વ પ્રતીતમાં લીધું–અનુભવમાં લીધું તે સમ્યગ્દ્રષ્ટિને ધન્ય છે... મુનિઓ પણ તેની પ્રશંસા અને અનુમોદના કરે છે. આવા તત્ત્વને અનુભવનારા મુનિવરો વંદનીય છે, ને સમ્યગ્દ્રષ્ટિઓ પણ પ્રશંસનીય છે.

અહા, આવું શુદ્ધ ચૈતન્યતત્ત્વ જોરશોરથી સંતોએ તને સંભળાવ્યું, તો હવે આજે જ તું આવા ચૈતન્યતત્ત્વને અનુભવમાં લેજે. આજથી જ શરૂઆત કરી દેજે. આત્માના લાભનો આ અવસર છે. ભાઈ, તું મુંઝાઈશ નહીં... અજ્ઞાનમાં ગમે તેટલો કાળ વીત્યો પણ તારો સ્વભાવ મેલો થઈ ગયો નથી, તે તો એવો ને એવો શુદ્ધ છે; તેનું ભાન કરતાં અજ્ઞાન ટળ્યું ને પરમ શાંતિ પ્રગટી; ત્યાં ધર્મી પોતાના કારણકાર્ય બંનેને શુદ્ધ જાણે છે.

અશુદ્ધતા તો ઉપર–ઉપરની છે. ઉપર–ઉપર એટલે શું ? કાંઈ અસંખ્ય પ્રદેશ–

માંથી ઉપરના થોડાક પ્રદેશમાં છે અને અંદરના પ્રદેશોમાં નથી–એમ નથી, પર્યાય તો સર્વ પ્રદેશોમાં છે પણ તે અશુદ્ધ પર્યાય અંદર ઊંડે એટલે કે દ્રવ્ય–ગુણમાં પ્રવેશતી નથી, દ્રવ્ય–ગુણ અશુદ્ધ થયા નથી, માટે અશુદ્ધતાને ઉપર–ઉપરની કહી છે. તે અશુદ્ધતા વખતે અંતરદ્રષ્ટિથી ધર્માત્મા પોતાના શુદ્ધ દ્રવ્યગુણસ્વભાવને જાણે છે, તેમ જ પર્યાયમાં જેટલી શુદ્ધતા વર્તે છે તેને પણ જાણે છે. ને અશુદ્ધતા વિદ્યમાન છે તેને પણ (સ્વભાવથી ભિન્નપણે) જાણે છે. બધાને જાણવા છતાં, પરમાગમના સારરૂપ શુદ્ધતત્ત્વને જ તે અંતરમાં ઉપાદેયપણે અનુભવે છે. અહો, શુદ્ધતત્ત્વના રસિક જીવો! આવા પરમતત્ત્વને જાણીને આજે જ તેનો અનુભવ કરો. (સમયસાર ગાથા ૧૬૮)

સમ્યગ્દર્શન થયું ત્યાં પૂર્ણાનંદસ્વરૂપ આત્મા ધર્મીના અનુભવમાં આવ્યો, ત્યાં રાગ સાથેનો સંસર્ગ તેને છૂટી ગયો... તેની જ્ઞાનપર્યાયમાં રાગાદિનું કર્તૃત્વ ન રહ્યું, તેમાં એકતાબુદ્ધિ ન રહી; એટલે રાગાદિ સાથે નહિ મળેલો એવો જ્ઞાનમયભાવ તેને પ્રગટયો; તે જ્ઞાનમયભાવમાં રાગનું મિશ્રપણું નથી, જ્ઞાનમયભાવ રાગથી જુદો જ છે, રાગ વગરનો જ છે. અને જ્ઞાનીનો આવો જ્ઞાનમયભાવ બંધનું જરા પણ કારણ નથી; એ તો પોતાને રાગથી ભિન્ન સ્વભાવપણે જ પ્રકાશે છે.

અહો, પૂર્ણઆનંદધામ આત્મા જ્યાં ધ્યેયમાં આવ્યો ત્યાં ધર્મીને જ્ઞાનમય દશા થઈ ને રાગ તેનાથી છૂટો પડી ગયો, તે ફરીને જ્ઞાન સાથે કદી એકમેક થતો નથી. જેમ ઝાડમાંથી ખરેલું ફળ ફરીને ઝાડ સાથે ચોટતું નથી, તેમ ચૈતન્યદ્રષ્ટિથી પૂર્ણાનંદસ્વભાવને પ્રતીતમાં લીધો ત્યાં ધર્મીના જ્ઞાનભાવથી રાગાદિભાવો છૂટા પડી ગયા– ફળની જેમ ખરી ગયા; હવે ફરીથી કદી તે રાગાદિભાવો જ્ઞાન સાથે એક થાય નહીં, ધર્મીનું જ્ઞાન રાગમાં કદી તન્મય થાય નહીં. સર્વજ્ઞભગવાને જેવો આત્મા જોયો તેવો જ ધર્મીજીવ પોતાના સ્વસંવેદન–પ્રત્યક્ષ અનુભવપૂર્વક જુએ છે. અહા, અતીન્દ્રિય આનંદના વેદનમાં રાગ કેવો? જેમ કેવળજ્ઞાનમાં રાગ નથી, તેમ સાધકના જ્ઞાનમાં પણ રાગ નથી; રાગ હોવા છતાં તેનું જ્ઞાન રાગથી જુદું ને જુદું જ વર્તે છે. તે રાગથી ભિન્ન પોતાના પરમ ચૈતન્યસ્વભાવને અતીન્દ્રિય આનંદસહિત અનુભવે છે; તેમાં રાગાદિ દુઃખમય ભાવો પ્રવેશતા નથી પણ ખરી જાય છે.

અરે, ધર્મીના ચૈતન્યભાવમાં રાગનો કલેશ કેવો? અતીન્દ્રિય ચૈતન્યની શાંતિમાં રાગની અશાંતિ કેવી? શુભ રાગ તેનું સાધન પણ થઈ શકતો નથી. અરે બાપુ! રાગ તો દુઃખ છે, તે તારી શાંતિનું સાધન કેમ થાય? તારી શાંતિનું ખરૂં સાધન તો તારામાં અનંત શાંતિનો સમુદ્ર ભર્યો છે– તે જ છે. આવી શાંતિના વેદન પૂર્વક

ધર્મીને અપ્રતિહતભાવે જ્ઞાન અને રાગ ભિન્ન થયા તે હવે ફરીને કદી એક થાય નહીં; રાગનો કોઈ અંશ ધર્મીને કદી પોતાના ચૈતન્યભાવપણે ભાસે નહિ. ચૈતન્યભાવરૂપ પોતાને સદાય રાગથી જુદો ને જુદો અનુભવે છે– આવી સમ્યગ્દૃષ્ટિની દશા છે. ભલે અત્યારે ક્ષાયોપશમિકભાવે સમ્યક્ત્વ હોય પણ ધર્મીને તેમાં એવું જોર છે કે ક્ષાયિકભાવ સાથે અપ્રતિહતપણે તેની જોડણી કરી દ્યે–આવી નિઃશંકતાના જોરથી આચાર્યદેવ કહે છે કે અમારું જ્ઞાન રાગથી છૂટું પડયું છે તે હવે ફરીને કદી રાગ સાથે એક થવાનું નથી.

સરાગ ભૂમિકામાં પણ ધર્મીનો સમ્યક્ત્વભાવ તો રાગથી જુદો જ છે. સમ્યક્ત્વાદિ જ્ઞાનમય ભાવો છે તે બધાય વીતરાગ જ છે; ને રાગાદિ ભાવો તો ચેતનથી વિલક્ષણ હોવાથી અજ્ઞાનમય છે, તેઓ કાંઈ ચૈતન્યના સ્વભાવો નથી ધર્મીનો ચૈતન્ય ભાવ તે અચેતન (રાગાદિ) ભાવોથી એવો જુદો પડયો કે અંશમાત્ર ભેળસેળ થાય નહિ; જ્ઞાનનો કોઈ અંશ રાગમાંન ભળે ને રાગનો કોઈ અંશ જ્ઞાનમાં ન ભળે. જેમ ચેતન–અચેતનને એકપણું કદી ન થાય, તેમ જ્ઞાન અને રાગને એકપણું કદી નથી. જ્ઞાન રાગથી તદ્દન જુદું પડયું ત્યારે તો સમ્યક્ત્વ થયું. બધા વિકલ્પોથી ભિન્ન નિર્વિકલ્પ ચૈતન્યની અનુભૂતિ થયા વગર સમ્યક્ત્વ થાય નહિ. ચૈતન્યની નિર્વિકલ્પ શાંતિમાં રાગનો કોઈ વિકલ્પ સમાય નહીં.

પરમાગમનો સાર એ છે કે અંતરમાં પરભાવોથી ભિન્ન પોતાની શુદ્ધ ચૈતન્યવસ્તુને જ્ઞાનમાં–શ્રદ્ધામાં–અનુભવમાં લેવી. ચૈતન્યચમત્કાર તે પરમ તત્ત્વ છે; વ્યવહારના વિકલ્પો તે કાંઈ પરમ તત્ત્વ નથી; પરમ તત્ત્વના અનુભવમાં–જ્ઞાનમાં–શ્રદ્ધામાં તે વિકલ્પોનો અભાવ છે. સમ્યગ્દૃષ્ટિ આવા અદ્ભુત તત્ત્વને અંતરમાં દેખે છે... તેમાં કોઈ ભેદ–વિકલ્પ–રાગ કે પરનો સંબંધ દેખાતો નથી... દ્રવ્યમાં–ગુણમાં–પર્યાયમાં શુદ્ધતા અનુભવાય છે; જે અશુદ્ધતા છે તે શુદ્ધ તત્ત્વના અનુભવથી બહાર છે. આવા તત્ત્વને શુદ્ધ તત્ત્વરસિક જીવો અનુભવે છે. આ તત્ત્વમાં એકલી શાંતિ જ છે... એકલી શાંતિનો સાગર આત્મા, તેમાં વિકલ્પોની અશાંતિ કેમ હોય? અરે જીવ! આવા શાંત શુદ્ધ તત્ત્વનો રસિક થઈને તેને અનુભવમાં લે. આ એક જ તત્ત્વરસિક જીવોનું નિરંતર કર્તવ્ય છે.

શુદ્ધ ચૈતન્યમય એક ભાવ જ હું છું, ને તેનાથી ભિન્ન રાગાદિ સર્વે ભાવો તે હું નથી. ઉજ્વળ જ્ઞાનવડે ધર્મી જીવો આવા તત્ત્વને અનુભવે છે; ને તે જ સર્વ સિદ્ધાંતનો સાર છે.

મારા ચૈતન્યની અનુભૂતિથી ભિન્ન જે કોઈ ભાવો છે તે બધાય પર–સ્વભાવો છે, તે હું નથી. – અહો મોક્ષાર્થી જીવો! ચૈતન્યના આવા પરમ સ્વભાવને ઉદારચિત્તથી સેવો. ચૈતન્યથી ભિન્ન જે કોઈ પરભાવો છે તે આત્મા નથી, સહજ એક ચૈતન્યભાવ પણે જે પોતામાં અનુભવાય છે તે પરમ તત્ત્વ જ આત્મા છે. –તે જ હું છું–એમ ધર્મી અનુભવે છે. – આવો અનુભવ તે સર્વ સિદ્ધાંતનો સાર છે.

ચૈતન્યની વીતરાગી શાંતિ જેણે વેદી છે તેને શુભરાગમાં પણ અશાંતિ અને કલેશ લાગે છે. ધર્મીજીવને સવિકલ્પદશા હો કે નિર્વિકલ્પદશા હો, –ત્યાં જે જ્ઞાનપરિણતિ છે તે તો રાગથી જુદી જ છે, તે કાંઈ બંધનું કારણ નથી; ત્યાં જે રાગ છે તે જ બંધનું કારણ છે. એટલે જ્ઞાન બંધનું કારણ થતું ન હોવાથી જ્ઞાનીને બંધન જ નથી એમ કહ્યું છે. જ્ઞાનભાવ બંધનું કારણ નથી અને રાગભાવ બંધનું કારણ છે–એમ બંનેની તદ્દ્ન ભિન્નતા છે. જ્ઞાનભાવનો કર્તા જ્ઞાની રાગભાવનો કર્તા થતો નથી. જ્ઞાનભાવ બંધનું કારણ નહિ પણ મોક્ષનું જ કારણ થાય છે, ને રાગભાવ મોક્ષનું કારણ નહિ પણ બંધનું જ કારણ થાય છે. – એ બંનેની જાત જ જુદી છે. અને રાગનું અસ્તિત્વ તો જ્ઞાનની હીણી દશા વખતે જ હોય છે, એટલે જઘન્ય જ્ઞાનદશા વખતે જે બંધન થાય છે તેમાં જ્ઞાનનો કાંઈ દોષ નથી. જઘન્ય જ્ઞાનપરિણમનને બંધનું કારણ કહ્યું ત્યાં એમ સમજવું કે ખરેખર જ્ઞાનપરિણામ કાંઈ બંધનું કારણ નથી પણ તે જ્ઞાન વખતે વર્તતો રાગ જ બંધનું કારણ છે. સાધકને આ રીતે જ્ઞાન અને રાગ બંને સાથે રહેવામાં કાંઈ વિરોધ નથી, પણ તેમાં જે રાગ છે તે જ બંધનું કારણ છે, અને જે જ્ઞાન છે તે બંધનું કારણ થતું નથી–આમ બંનેની ભિન્નતા ઓળખવી જોઈએ. તેમાંથી જ્ઞાનભાવને જ જ્ઞાનીનું કાર્ય કહ્યું, ને તેથી તેને અબંધ કહ્યો. રાગને તો જ્ઞાનથી ભિન્ન બંધભાવમાં રાખ્યો. –તે જ્ઞાનીનું કાર્ય નથી.

આવા ભેદજ્ઞાનવડે જ્ઞાનીએ પોતાના આત્માને અનંત ચૈતન્યભાવસહિત અનુભવ્યો છે. તેણે રાગથી ભિન્નતા તો જાણી છે, અને હજી જે અબુદ્ધિપૂર્વક, એકત્વબુદ્ધિ વગરના રાગાદિ બાકી છે તેને પણ છોડવા માટે વારંવાર ઉપયોગને અંતરમાં એકાગ્ર કરીને. સ્વશક્તિને અનુભવે છે. નીચલી દશામાં નિર્વિકલ્પદશા કયારેક–કયારેક આવે છે, ને પછી મુનિને તો વારંવાર નિર્વિકલ્પદશા થયા કરે છે... રાગથી તદ્દ્ન જુદો ચૈતન્યગોળો મહા આનંદ સહિત અનુભવે છે. અહો, આવો અનુભવ તે વીતરાગમાર્ગ છે. વીતરાગમાર્ગ તો અલૌકિક માર્ગ છે, જગતથી જુદી જાતનો વીતરાગમાર્ગ છે.

(વિશેષ માટે જુઓ પાનું: ૧૬)

# કલાકાર

**શંકા અને ક્રોધ વડે જીવના ભાવમાં એક ક્ષણમાં કેવું પરિવર્તન થઈ જાય છે, અને એ જ જીવ ક્ષણમાત્રમાં પોતાના ભાવોને પલટીને કેવો ઉજ્જવળ થઈ જાય છે-તેનું સુંદર આલેખન આ નાનકડી ધર્મકથામાં આપ વાંચશો. (સં.)**

કૌશાંબી નગરીમાં પ્રસિદ્ધ એક કલાકાર હતો; એનું નામ 'અંગારક.' તે ઘણો કુશળ કલાકાર હોવા ઉપરાંત ધર્મનો પ્રેમી અને ઉદાર પણ હતો; કળા સાથે આ બે ગુણો હોવાથી તેની પ્રતિષ્ઠા ઝળકી ઊઠી હતી. આભૂષણોમાં કિંમતી હીરામાણેક જડવા તે તેનું મુખ્ય કાર્ય હતું અને તેમાં તે ઘણો જ કુશળ હતો. કિંમતી રત્નો વડે જીવનમાં અનેક આભૂષણોને તે શણગારી ચૂકયો હતો પરંતુ રત્નત્રયરૂપી રત્નો વડે પોતાના આત્માને હજી સુધી તે શણગારી શકયો ન હતો.

આજે કલાકારનું નિવાસસ્થાન પદ્મરાગ–મણિની રક્તપ્રભાથી ઝગમગ ઝગમગ થઈ રહ્યું છે. તે પદ્મમણિની સામે નજર માંડીને અંગારક વિચારી રહ્યો છે કે "આ કિંમતી મણિને આભૂષણમાં કઈ રીતે બેસાડવો? કેમકે આ કોઈ સાધારણ ચીજ નથી, આ તો કૌશાંબીના મહારાજા ગંધર્વસેને આભૂષણમાં બેસાડવા માટે આપેલ મહા કિંમતી પદ્મરાગમણિ છે. મારી કલા ઉપર વિશ્વાસ મુકીને મહારાજાએ મને આ કામ સોંપ્યું છે; માટે આભૂષણમાં તે એવી ઉત્તમ રીતે જડવો જોઈએ કે તેની શોભા એકદમ ઝળકી ઊઠે." આ વિચારથી કલાકાર તે પદ્મમણિને ઘડીકમાં દાગીનાની એક તરફ ગોઠવતો, ને ઘડીકમાં બીજી તરફ ગોઠવતો, વળી ઘડીકમાં ત્યાંથી ફેરવીને વચ્ચે ગોઠવતો. એમ વારંવાર ફેરવતાં ફેરવતાં ઘણા પરિશ્રમ બાદ જ્યારે ઈચ્છિત સ્થાને તે મણિ બરાબર ગોઠવાઈ ગયો ત્યારે તેની શોભા જોઈને એનું મન હર્ષથી ગદગદ થઈ ગયું: વાહ! મારી કલાનો આ એક સર્વોત્તમ નમુનો બનશે, અને મહારાજા તે દેખીને ખૂબ જ પ્રસન્ન થશે.

એ પ્રમાણે સંતોષનો શ્વાસ લઈને જ્યાં માથું ઊંચું કરે છે ત્યાં તો આંગણામાં એક દિગંબર મુનિરાજને દેખ્યા... અહા! એ યોગીની પવિત્ર આંખોમાંથી જાણે પરમ શાંતરસ વરસી રહ્યો છે... એની ભવ્યમુદ્રા ઉપર વીતરાગતા છવાઈ ગઈ છે... એના સમસ્ત પાપો ગળી ગયાં છે. અહો! એના આત્માની પવિત્રતાની તો શી વાત! –પરંતુ એના દેહના ચરણથી સ્પર્શાયેલી રજ પણ એવી પવિત્ર છે કે અસાધ્ય રોગને પણ તે નષ્ટ કરી નાંખે છે. એમના દર્શન માત્રથી માનવીનું મન પવિત્ર થઈ જાય છે ને તેના હૃદયમાં પાપો ધોવાઈ જાય છે. એ રત્નત્રયધારક યોગીરાજના આત્મતેજ પાસે આ પદ્મરાગમણિના તેજ ઝાંખા લાગતા હતા.

આવા ૠદ્ધિધારી મહા મુનિરાજ ગોચરીવૃત્તિથી ગમન કરી રહ્યા છે... તેમને દેખતાં જ અંગારકનું મસ્તક તેમના ચરણોમાં ઝૂકી ગયું... અને સહસા તેના મુખમાંથી ઉદ્ગાર નીકળી ગયા; “અહા! આજે મારા ભાગ્ય ખીલ્યાં છે. આજે હું કૃતાર્થ થયો છું...” “હે પ્રભો! હે મહામુનિરાજ! આપના ચરણકમળથી આજે હું પાવન થયો... મારું ઘર પવિત્ર થયું... મારા ભવોભવના પાપ ધોવાઈ ગયા. હે નાથ! પધારો... પધારો... પધારો...” એમ મુનિરાજને પડગાહન કરીને નવધાભક્તિપૂર્વક અંગારકે આહારદાન કર્યું. આહારદાન વખતે ઘરમાંથી એક ઝબકારો ઊડીને આકાશ તરફ ચાલ્યો, પણ તેનું તેને લક્ષ ન રહ્યું. આહાર બાદ શ્રી મુનિરાજ તો પાછા ઉદ્યાનમાં ચાલ્યા ગયા ને આત્મધ્યાનમાં લીન થયા. આવા પવિત્રાત્મા, વિશુદ્ધોપયોગી સાધુશિરોમણીને આહારદાન દેવાથી આજે અંગારક ખરેખર કૃતાર્થ થયો... ધન્ય થયો... તેનું ચિત્ત ઘણું પ્રસન્ન થયું.

આહારદાન બાદ, તે કલાકાર આભૂષણમાં પદ્મરાગમણિને જડવાનું પોતાનું કાર્ય પૂરું કરવા માટે આવ્યો. અરે! પણ આ શું? પદ્મરાગમણિ ગૂમ! પદ્મરાગમણિને નહિ દેખવાથી તેની આંખે એકદમ અંધારા આવી ગયા.. તેનું મગજ જાણે ચક્કર ચક્કર ફરવા લાગ્યું... અરે, પણ એટલી વારમાં એ પદ્મરાગમણિ જાય ક્યાં? શું એને પાંખ આવીને એ ઊડી ગયો? શું કોઈ એને ચોરી ગયું? –નહિ, એ મુનિરાજ સિવાય બીજું તો કોઈ ઘરમાં આવ્યું જ નથી. તો એ મણિ ગયો કયાં? કાંઈ સમજમાં નથી આવતું કે એ મણિ એકાએક ક્યાં ગૂમ થઈ ગયો?

પદ્મમણિના ગૂમ થવાથી અંગારક બેબાકળો થઈને ઘરમાં ઘૂમવા લાગ્યો...

એક ક્ષણ પહેલાં મણિના તેજથી ઝગામગતા તેના ઘરમાં અત્યારે અંધકાર છવાઈ ગયો. જાણે પૃથ્વી કંપવા લાગી... મણિ જતાં જાણે પોતાની પ્રતિષ્ઠા પણ ચાલી ગઈ એમ તેને લાગ્યું. તેને ચિંતા થતી હતી કે અરે! મહારાજાને હું શો જવાબ આપીશ? હે ભગવાન, હવે શું થશે? નિરાશાથી ઘેરાયેલો તે એકાએક ક્રોધથી રાતો–પીળો થઈ ગયો. બસ! ગમે તેમ કરીને એ મણિનો પત્તો મેળવવો જ જોઈએ. તેણે ફરીને વિચાર કરવા માંડયોઃ અરે, હજી હમણાં જ જ્ઞાનસાગર મુનિરાજને આહારદાન દેવા માટે પદ્મને મેં આ પેટી ઉપર મુક્યો હતો. ને તે મુનિરાજ આહાર કરીને પાછા જાય છે ત્યાં તો પદ્મ ગુમ! એના સિવાય બીજી કોઈ વ્યક્તિ મારા ઘરમાં આવી જ નથી... માટે? માટે... જરૂર એ મુનિનો જ આમાં હાથ હોવો જોઈએ. બસ, થઈ ચૂકયું! ઉપરનો વિચાર આવતાં જ જે યોગીરાજ પ્રત્યે એક ક્ષણ પહેલાં તો અંગારકને અત્યંત ભક્તિ અને શ્રદ્ધાનો અગાધ દરિયો ઊછળતો હતો તે જ મુનિ પ્રત્યે હવે ભયંકર ક્રોધથી અંગારક અંગારા જેવો બની ગયો... જરૂર, તે મુનિ નહિ પણ મુનિવેષમાં કોઈ ચોર હશે; એ ઢોંગીનું જ આ કામ લાગે છે!

છતાં, તાજેતરમાં જ નીહાળેલી એ વીતરાગી મુનિરાજની ભવ્ય ઉપશાંત મુદ્રા અને અંતરંગમાં રહેલી જૈનધર્મ પ્રત્યેની ભક્તિ, તેને લીધે કળાકારના અંતરમાંથી અવાજ ઊઠયોઃ આ શું? શું તું પાગલ થઈ ગયો છે? જેણે ઇન્દ્ર જેવા વૈભવને છોડયો છે ને સંસારને તરણાંતૂલ્ય જાણીને ત્યાગી દીધો છે, જગતના પદાર્થોમાં ઇષ્ટ–અનિષ્ટ વૃત્તિઓને ઓળંગીને જેઓ ઘણા આગળ વધી ગયા છે એવા એ મુનિરાજ શું આ તારો પથ્થરનો ટૂકડો ચોરશે? સમ્યગ્દર્શન–સમ્યગ્જ્ઞાન ને સમ્યક્ચારિત્ર જેવા વિશ્વવંદ્ય રત્નથી જેમનો આત્મા શોભી રહ્યો છે તે શું આ જડરત્નથી મોહિત થશે? અરે, એણે તો સ્વાત્મસ્થિત ચૈતન્યમણિ પ્રાપ્ત કરી લીધો છે, તે આ અચેતન મણિને શું કરે?

એક ક્ષણ તો તેને આવા વિચારો આવી ગયા... પણ, મણિ ન દેખવાથી તેને ફરી પ્રશ્ન ઊઠયોઃ તો એ જાય કયાં? મણિના મોહથી પાગલ જેવો થઈને આખરે તેણે નક્કી કર્યું કે–નહિ, નહિ, એ મુનિ નથી પણ કોઈક માયાવી છે, તેનું જ આ કાળું કામ છે. એ ઠગારા–માયાવીએ મંત્રના પ્રભાવથી મણિ ચોરી લઈને ગૂમ કરી દીધો છે... પણ મારાથી છટકીને તે કયાં જવાનો હતો? મુનિવેષમાં રહીને આવું કામ કરે છે એને તો હું બરાબર શિક્ષા દઈશ. ગમે ત્યાંથી હમણાં જ તેને પકડી પાડું. –એમ ધારીને ક્રોધથી રાતો–પીળો થતો અંગારક તે મુનિને શોધવા ઉદ્યાન તરફ ઝડપથી ચાલ્યો.

એકાંત શાંત ઉદ્યાનમાં શ્રી જ્ઞાનસાગર મુનિરાજ આત્મધ્યાનમાં નિમગ્ન છે. જગતની માયાજાળથી ઘણે દૂર–દૂર, સંસારના વિષમ વાતાવરણથી પાર, અને પરમ આનંદસ્વરૂપ સિદ્ધ ભગવંતોની એકદમ નજીક તેઓ વર્તી રહ્યા છે... અનંત સુખમય આત્માના ધ્યાનમાં તેઓ વધુને વધુ એકાગ્ર થતા જાય છે.

આ તરફ ક્રોધથી ધમધમતો અંગારક હાથમાં લાઠી લઈને મુનિને શોધવા દોડયો આવે છે. ધ્યાનસ્થ મુનિને દૂરથી દેખતાં જ તે ગર્જ્યો –અરે પાખંડી! જલ્દી બોલી નાખ કે મારો મણિ કયાં છે? –પણ કોણ જવાબ આપે! મુનિ તો ધ્યાનસ્થ છે. જોકે તે મુનિરાજ અવધિજ્ઞાની હતા, પણ સ્વરૂપમાંથી બહાર આવીને અવધિનો ઉપયોગ મુકે તો ને? –એ તો આત્મસાધનામાં તલ્લીન હતા.

તેમના મૌનથી વધારે ક્રોધિત થઈને અંગારકે કહ્યું, –અરે ધૂર્ત! ધોળા દિવસે ચોરી કરીને પાછો ઢોંગ કરે છે? તું જાણતો નહિ કે હું તને એમને એમ છોડી દઈશ. જલ્દી બોલી દે કે ક્યાં છે મારો મણિ!

પણ એ વીતરાગી મુનિરાજની ક્ષમારૂપી ઢાલ ઉપર તે ક્રૂર વચનોરૂપી બાણ કંઈ અસર ન કરી શક્યા... મુનિરાજ તો અડગપણે ધ્યાનસ્થ જ હતા.

અંગારકે જોયું કે મારા વચનથી આના ઉપર કંઈ અસર થતી નથી, પણ જરૂર મણિ એણે કયાંક સંતાડયો છે. તેથી જ તે મૌન છે. "–કેમ, સીધી રીતે બોલે છે કે નહિ? ... કે આ... નો સ્વાદ ચખાડું?" – એમ કહીને તેણે મુનિરાજ ઉપર લાઠી ઉગામી...

અરે! એક ક્ષણ પહેલાં તો જેના પાવન ચરણકમળમાં પોતે શ્રદ્ધાપૂર્વક શિર ઝુકાવતો હતો તેના જ શીર ઉપર અત્યારે પ્રહાર કરવા અંગારક તૈયાર થયો છે. જીવનાં પરિણામની કેવી વિચિત્રતા છે!!

મુનિરાજ તો ન બોલ્યા... તે ન જ બોલ્યા... ધ્યાનથી ન ડગ્યા તે ન જ ડગ્યા! અંગારકે લાકડી ઊંચી કરીને મુનિ ઉપર વીંઝી... પણ... રે! એ લાકડી મુનિરાજના શિર સુધી પહોંચે ત્યારપહેલાં તો ઉપર ઝાડની ડાળે બેઠેલા મોરલાની ડોક ઉપર લાગી ને તરત જ કરૂણ ચિત્કાર સાથે તે મોરના કંઠમાંથી એક વસ્તુ નીચે સરી પડી. રાતા પ્રકાશથી પૃથ્વી ઝગમગી રહી... જાણે કે મુનિરાજનું રક્ષણ થવાથી પૃથ્વી આનંદથી હસી રહી...

–એ હતો પદ્મરાગમણિ! અંગારક તો એ મણિને જોતાં આશ્ચર્યથી આભો જ બની ગયો... તેની આંખે ફરીને અંધારા આવી ગયા... લાકડી હાથમાંથી પડી ગઈ. ને ધ... બ કરતો તેનો દેહ મુનિરાજના ચરણોમાં પડયો. પદ્મરાગમણિ ગૂમ થવાનું રહસ્ય હવે ખૂલી ગયું હતું, ને એ કલાકાર પોતાના અવિચારી કર્તવ્યથી પશ્ચાત્તાપના સાગરમાં બેભાન થઈને પડયો હતો. ધ્યાનસ્થ મુનિરાજને તો બહારમાં શું બની રહ્યું છે તેની દરકાર જ કયાં હતી?

શ્રી મુનિરાજે "નમો સિદ્ધાણ" કહીને જ્યારે ધ્યાન પૂરું કર્યું ને આંખો ખોલી... ત્યારે જોયું કે ક્ષણ પહેલાં અત્યંત પ્રસન્ન એવો આ અંગારક પોતાના પગ પાસે પશ્ચાત્તાપથી ધ્રૂસકે–ધ્રૂસકે રડી રહ્યો છે... એકબાજુ પદ્મમણિ ધૂળમાં રગદોળાતો પડયો છે. થોડે દૂર લાકડી પડી છે. ઉપર બેઠેલો મયુર મણિ તરફ ટગટગ નીહાળી રહ્યો છે... શ્રી મુનિરાજ બધી પરિસ્થિતિ સમજી ગયા... તેમણે અંગારકને આશ્વાસન આપતાં મહા કરૂણાથી કહ્યું: વત્સ અંગારક! દુઃખી ન થા; ક્ષોભ છોડી દે! આબરૂનો અને લક્ષ્મીનો મોહ એવો જ છે કે જીવને અવિચારી બનાવી દે છે. ભાઈ, જે થઈ ગયું તે થઈ ગયું... હવે શોક છોડી દે.. ને આત્મહિત સાધવા માટે તત્પર થા.

પશ્ચાત્તાપથી બળતા અંગારકના હૈયામાં મુનિરાજના વચનોએ અમૃત સીચ્યું. તેણે હાથ જોડીને મુનિરાજને કહ્યું–"પ્રભો! મને ક્ષમા કરો... મોહથી અંધ થઈને મેં મહાઅનુચિત કામ કર્યું... ક્રોધથી હું અવિચારી બની ગયો... પ્રભો! મને ક્ષમા કરીને આ ભયંકર પાપથી મારો ઉદ્ધાર કરો. નાથ, આપશ્રીના આહારદાન વખતે મેં આ મણિ પેટી ઉપર મુકેલો, ને તે વખતે ઉપર બેઠેલ આ મયુર તેને ખાવાની વસ્તુ સમજીને ઉપાડી ગયો. પણ તે મણિ તેના ગળામાં સલવાઈ રહ્યો... મેં વગર જોયે વગર વિચાર્યે આપના ઉપર શંકા કરી.. આપને પ્રહાર કરવા લાકડી ઊગામી, પણ પ્રભો! સદ્ભાગ્યે તે મોર આપની પાછળ–પાછળ આવીને અહીં જ ઝાડ ઉપર બેઠો હતો ને તેની ડોક ઉપર લાકડી લાગતાં જ ડોકમાંથી મણિ સરી પડયો... આ રીતે આપના પ્રાણ બચી ગયા. મયુરના પણ પ્રાણ બચી ગયાને મારા આ પાપી હસ્તે એક વીતરાગી યોગીની હિંસા થતી બચી ગઈ." આમ બોલતાં–બોલતાં પશ્ચાત્તાપથી અંગારકના પાપો પાણી–પાણી થઈને આંખમાંથી અશ્રુધારારૂપે બહાર નીકળી જતા હતા. થોડી વાર થાક ખાઈને તેણે કહ્યું: "પ્રભો! આપના વચનથી આજે હું નવજીવન પામ્યો છું. નાથ! આ પાપમય સંસારથી હવે મારો ઉદ્ધાર

કરો... અત્યારે જ મને નિર્ગ્રંથ મુનિદીક્ષા આપો... ને મારું કલ્યાણ કરો.”

મુનિરાજે કહ્યું: બંધુ, તારા ભાવ ઉત્તમ છે... પરંતુ પહેલાં આ પદ્મમણિ લઈને રાજાને પાછો સોંપી આવ...

પ્રભો ! એ પદ્મમણિનો સ્પર્શ કરતાં પણ હવે મારા હાથ ધ્રૂજે છે.

‘વત્સ ! એમ સમજ કે એ મણિના નિમિત્તે જ આજે તારામાં મહાન પરિવર્તન થઈ રહ્યું છે... ’

અંગારકે ધ્રૂજતે હાથે મણિ ઉપાડયો... ને મુનિરાજના ચરણે નમસ્કાર કરીને રાજદરબાર તરફ ચાલ્યો.

“લીજિયે, મહારાજ ! આપનો આ પદ્મરાગ મણિ” અંગારકે કંપતા હાથે મણિ મહારાજા તરફ ધર્યો.

મણિ એમને એમ પાછો આવેલો જોઈને રાજાએ વિસ્મયથી પૂછયું–કેમ કલાકાર, મણિ શા માટે પાછો આપી રહ્યા છો ?

રાજન્ ! આ મણિને આભુષણોમાં જડવાનું કામ હવે મારાથી થઈ શકે તેમ નથી.

અરે ! શું કહો છો, અંગારક ? તમારા જેવો કુશળ કલાકાર જો આ કામ નહિ કરી શકે તો બીજું કોણ કરી શકશે ? –રાજાએ પૂછયું.

અંગારકે કહ્યું: રાજન્ ! આવા મણિ–રત્નો જડી–જડીને અનેક આભૂષણોને મેં શોભાવ્યા... ને એમાં જ જીંદગી વીતી ગઈ... પરંતુ સમ્યગ્દર્શન–સમ્યગ્જ્ઞાન ને સમ્યક્ચારિત્રરૂપ રત્નોથી મેં મારા આત્માને હજી સુધી આભુષિત ન કર્યો... મહારાજ ! હવે તો જીવનમાં એ રત્નોને જડીને તેનાથી આત્માને શોભાવવો છે.

કલાકારને એકાએક આ શું થઈ ગયું તેની રાજાને કંઈ સમજ ન પડી... એટલે તેણે પૂછયું: પણ કલાકાર, છે શું તે તો કહો ?

અંગારકે કહ્યું: રાજન્ ! આપના આ મણિના નિમિત્તે જ આજે એક એવી ઘટના બની ગઈ કે જે મારાથી કહી શકાય તેવી નથી. પણ આ મણિને આભૂષણમાં જડવાથી મને જે પુરસ્કાર મલત તેના કરતાં વિશિષ્ટ કોઈ અનંતો પુરસ્કાર આજે મને મલી રહ્યો છે. રાજન્ ! હવે હું રત્નત્રય–મણિથી મારા આત્માને શણગારવા જાઉં છું...

"પણ મારા એક આ મણિને જડવાનું કામ તો પૂરું કરી આપો."

નહિ રાજન્! હવે આ અંગારક એવો પહેલાંનો કલાકાર નથી રહ્યો, હવે તો તે પોતાના આત્મામાં જ સમ્યક્ત્વાદિ મણિ જડવા માટે જાય છે... એમ કહીને અંગારક ચાલતો થયો.

રાજા તો દિગ્મૂઢ બનીને જોઈ જ રહ્યો. ઘણો વિચાર કરવા છતાં આ ઘટનાનું રહસ્ય તે ઉકેલી ન શકયો.

બીજે દિવસે, જ્યારે નગરીના લોકો જ્ઞાનસાગર મુનિરાજના દર્શને આવ્યા ત્યારે તેમની સાથે બીજા એક નૂતન મુનિરાજને દેખીને નગરજનો વિસ્મિત થયા ને સૌએ ભક્તિથી તેમના ચરણમાં પણ શીશ ઝુકાવ્યું. પણ અરે! આ તો કલાકાર અંગારક! પોતાની નગરીના એક નાગરિકને આ રીતે મુનિદશામાં દેખીને સૌને આશ્ચર્ય થયું ને ક્ષણમાત્રમાં આખી નગરીમાં એ વાત ફેલાઈ ગઈ.

રાજાને ખબર પડતાં જ તે શીઘ્રતાથી આવી પહોંચ્યો... મુનિરાજને વંદનાદિ કરીને રાજાએ પૂછયુંઃ પ્રભો! કાલનો કલાકાર આજ અચાનક અધ્યાત્મયોગી બની જાય છે, –આમાં શું રહસ્ય છે તે જાણવા અમે સૌ આતુર છીએ.

શ્રી જ્ઞાનસાગર મુનિરાજે મણિ ગૂમ થવાની, અને તે પ્રાપ્ત થવાની બધી વાત સવિસ્તાર કરીને રહસ્યનું ઉદ્ઘાટન કર્યું, અને કહ્યું–રાજન્! હવે તેણે પોતાના આત્મામાં સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાનરૂપી મણિ જડી દીધા છે; જ્ઞાનમણિના પ્રકાશથી તેનો આત્મા ઝળહળી રહ્યો છે ને એતો અજ્ઞાનઅંધકાર નષ્ટ થઈ ગયો છે. હવે તે જડ–પથ્થરનો કલાકાર મટીને, ચૈતન્યમણિનો કલાકાર બન્યો છે.

કલાકારની રહસ્યભરી કથા સાંભળતાં રાજા અને નગરજનો ખૂબ જ વિસ્મિત અને હર્ષિત થયા. સૌએ એક સ્વરથી "રત્નત્રય–કલાકારકી જય, અંગારક મુનિરાજકી જય" બોલીને આકાશ ગજાવી દીધું... ને રાજાએ એ પદ્મરાગમણિ વડે અંગારકમુનિના ચરણોની પૂજા કરી... કલાકારે જે મણિ છોડી દીધો તે જ ફરીને તેના ચરણોમાં ઝગમગી રહ્યો.

卐

# પરમાગમના રહસ્યની પ્રસાદી

( પૃષ્ઠ ૮ થી ચાલુ )

જ્ઞાનીનું જ્ઞાન ભલે જઘન્ય હોય–નાનામાં નાનો અંશ હોય, –તો પણ તે જ્ઞાનમાં રાગની ભેળસેળ નથી, રાગથી અત્યંત જુદું સ્વસંવેદનસહિતનું જ્ઞાન છે, તે જ્ઞાન મોક્ષમાર્ગને સાધે છે; તે કાંઈ બંધનું કારણ થતું નથી. અહો, તે જ્ઞાન તો વીતરાગી શાંતિને વેદનારું છે. અહો, ચૈતન્યનો મહા આનંદ અને વીતરાગી શાંતિ... એની શી વાત? તે શાંતિમાંથી ખસ્યો ત્યારે રાગની ઉત્પત્તિ થઈ, તે તો અશાંતિ અને કલેશ છે; શાંતિના બરફ પાસે તો તે અગ્નિની ભઠ્ઠી જેવો જ છેને!

અહો, ચૈતન્યતત્ત્વ, તેના પરમ ભાવની શી વાત! તે જ ધર્મીને અંતરમાં ઉપાદેય છે. આત્માના પરમ સ્વભાવમાં સહજ સુખ–જ્ઞાનાદિ અનંત ભાવો છે–તેઓ સ્વતત્ત્વપણે ઉપાદેય છે.

અહો! ઉપાદેય–તત્ત્વની આ મીઠી–મધુરી, ચૈતન્યરસવાળી વાત છે. આત્મામાં ત્રિકાળ સહજ આનંદસ્વરૂપ છે. સહજજ્ઞાન–સહજદર્શન–સહજચારિત્ર અને સહજસુખ એવા પરમ ભાવસ્વરૂપ સ્વદ્રવ્ય છે; તેનો આધાર એકરૂપ પરમપારિણામિકભાવ છે, તે જ કારણસમયસાર છે. તેને ઉપાદેયપણે અનુભવમાં લેતાં શુદ્ધદશારૂપ કાર્યસમયસાર પ્રગટે છે.

એકરૂપ સહજ અંતરતત્ત્વ, તેમાં જ્ઞાનાદિ અનંત સહજ સ્વભાવો રહેલા છે. સમ્યગ્દર્શનાદિ નિર્મળપર્યાયો તે કાર્ય છે, ને તેનું ‘કારણ’ આત્મામાં ત્રિકાળ છે. અંતર્મુખ થઈને તે ત્રિકાળી સ્વભાવને ઉપાદેય કરતાં પર્યાય પોતે સમ્યગ્દર્શનાદિ નિર્મળ કાર્યરૂપ થઈ ગઈ છે. તે પર્યાયે અંતરમાં શુદ્ધ કારણપરમાત્માને ઉપાદેય કર્યો–એમ કહેવાય છે.

વર્તમાન પર્યાયમાં ચિદાનંદસ્વભાવનું પરમ માહાત્મ્ય આવતાં પર્યાય તેમાં ઢળી ગઈને તેના આનંદના અપૂર્વ વેદન સહિત અનુભૂતિ થઈ તે સમ્યગ્દર્શન છે; તેની સાથે અનંતગુણની નિર્મળતાનો સ્વાદ છે. વિભાવ ગુણપર્યાયોથી પાર જે એકરૂપ સહજ સુખ–જ્ઞાનાદિ અનંત સ્વભાવોથી ભરેલ પરમસ્વભાવ–કારણપરમાત્મા તે ધર્મીની દ્રષ્ટિમાં ધ્યેયપણે સમાય છે. અંદર મોટો ચૈતન્યભંડાર છે; તેમાંથી સમ્યગ્દર્શન–કેવળજ્ઞાનાદિ નિધાન પ્રગટે છે.

જ્ઞાનને ઉદાર અને ઉજ્વળ કરીને, એટલે રાગથી અત્યંત જુદું કરીને મોક્ષાર્થી જીવો આનંદમય શુદ્ધ ચૈતન્યજ્યોતિનું જ સદાય સેવન કરો. શુદ્ધ ચૈતન્યભાવપણે મને અનુભવમાં આવતું તત્ત્વ તે જ હું છું; ને ચૈતન્યથી જુદા અન્ય લક્ષણવાળા જે કોઈ રાગાદિ અન્ય ભાવો નવા નવા પ્રગટ થાય છે–તે કોઈ હું નથી, તે ભાવો મારી ચૈતન્યશાંતિથી જુદી જ જાતના છે.

રાગના વેદનમાં હું નથી, મતિ–શ્રુતજ્ઞાનમાં સ્વસંવેદન–પ્રત્યક્ષ થયો તે હું છું. મારા જ્ઞાનના સ્વસંવેદનથી બહાર જે કોઈ રાગાદિ ભાવો છે તે હું નથી, તે મારાથી પરદ્રવ્ય છે. આમ ભેદજ્ઞાનવડે ધર્મીજીવ શુદ્ધઆત્માને સ્વસંવેદનમાં લ્યે છે. એ સિવાય બીજા કોઈ વિકલ્પો મારા દ્રવ્ય–ગુણ–પર્યાયમાં નથી. સ્વસંવેદનમાં જે શુદ્ધઅનુભૂતિપર્યાય થઈ તેમાં રાગનો અનુભવ નથી, માટે જ્ઞાનીની શુદ્ધપર્યાય થઈ તેમાં રાગાદિ નથી. રાગદશા જેટલી છે તેટલી ધર્મી જાણે છે પણ ચૈતન્યપરિણતિથી તેને જુદી જાણે છે. શાંતિના વેદનની સાથે રાગાદિની અશાંતિના વેદનને તે ભેળવતો નથી, તેને પરદ્રવ્ય જેવા જુદા જાણે છે. જગત જગતમાં રહ્યું. મારામાં જગત નથી.

અરે, આ ચોરાશીના અવતાર કરતા જીવે અજ્ઞાનથી વિકારના પડખા જ સેવ્યા છે. તે પડખું છોડીને જ્ઞાનના પડખે આવવાની આ વાત છે. રાગથી ભિન્ન શુદ્ધાત્માનું સેવન કરતાં જ્ઞાનમાં અપૂર્વ સ્વસંવેદનસહિત શાંતિ પ્રગટે છે. તે શાંતિના વેદન પાસે રાગાદિ ભાવોને ધર્મી પોતાથી ભિન્ન, અગ્નિની ભઠ્ઠી જેવા જાણે છે.

અમારું શુદ્ધ જીવાસ્તિકાય અસંખ્ય પ્રદેશે મહા આનંદથી ભરેલું છે. અસંખ્યપ્રદેશે અનંત શાંતિથી ભરેલું અમારું ચૈતન્યતત્ત્વ છે, તેનાથી અન્ય પુદ્ગલસંબંધી જે કોઈ ભાવો છે તે ખરેખર અમારા નથી. રાગાદિભાવો પુદ્ગલદ્રવ્ય સાથે સંબંધવાળા છે, તે અમારા ચૈતન્યભાવ સાથે સંબંધવાળા નથી;– આમ તત્ત્વવેદી જીવ સ્પષ્ટપણે પોતાના શુદ્ધતત્ત્વને અનુભવે છે, અને તે અપૂર્વ આનંદસહિત સિદ્ધિને પામે છે.

અહો, વીતરાગી સંતોએ ચૈતન્યનો ગરભલો તૈયાર કરીને આપ્યો છે એટલે કે ચૈતન્યના આનંદનું રહસ્ય ખુલ્લું કરીને બતાવ્યું છે; હવે તે લક્ષગત કરીને અંદરમાં પચાવવું–અનુભવમાં લેવું તે પોતાના હાથમાં છે. જ્ઞાનના ઉપયોગને અંતર્મુખ કરીને આવા શુદ્ધ જીવાસ્તિકાયને અનુભવમાં લેતાં અતિ અપૂર્વ એવા સિદ્ધપદના આનંદનો મહા સ્વાદ આવે છે... તે મહા આનંદનો સ્વાદ લેતો–લેતો મુમુક્ષુ જીવ અલ્પકાળમાં જ અતિ–અપૂર્વ સિદ્ધિને પામે છે.

**સમ્યક્ત્વનો અંતરંગ હેતુ:** સમ્યગ્દર્શન પામનાર જીવને નિમિત્ત કેવું હોય, ને તે નિમિત્તમાં પણ અંતરંગનિમિત્ત કેવું હોય તેની સરસ વાત નિયમસાર ગા. ૫૩ માં સમજાવી છે. સમ્યગ્દર્શન પામવા માટે જીવને બીજા સમ્યગ્દષ્ટિ જીવની અંતરંગચેતના તે અંતરંગનિમિત્ત છે, અને શુદ્ધાત્માને દેખાડનારી તેમની વાણી તે બહિરંગ નિમિત્ત છે. ધર્માત્માની વાણી રાગ અને ચૈતન્યની ભિન્નતા દેખાડનારી છે, અને તે જ વખતે ધર્માત્માની ચેતના પોતે રાગથી જુદી પરિણમી રહી છે; તેમાં વાણી તે બહિરંગ નિમિત્ત છે, અને ચેતના તે અંતરંગ નિમિત્ત છે. ધર્માત્માની ચેતનાને ઓળખતાં જીવને પોતામાં ચેતના અને રાગનું ભેદજ્ઞાન થાય છે. અરે, ધર્મ પામનારને નિમિત્ત કેવું હોય તેની પણ સાચી ઓળખાણ જીવોને નથી. અરિહંતદેવના દ્રવ્ય–ગુણ–પર્યાય ત્રણે ચેતનમય છે, તેને ઓળખનાર જીવ પોતાના ચૈતન્યને ઓળખી લ્યે છે, ને તેને સમ્યગ્દર્શન થાય છે–એમ કહ્યું છે, તે જ રીતે અહીં અંતરંગ નિમિત્ત તરીકે સમ્યગ્દષ્ટિ ધર્માત્માની જ્ઞાનચેતનાને ઓળખવાની વાત લીધી છે. ધર્માત્માને બહારથી ઓળખે પણ અંદર તેમની જ્ઞાનચેતનાને ન ઓળખે તો તે સમ્યક્ત્વનું કારણ થાય નહીં. માટે ધર્માત્મા–સમ્યગ્દષ્ટિજીવ તે પોતે અંતરંગહેતુ છે એમ કહ્યું છે. સમ્યગ્દષ્ટિ આત્માનું સ્વરૂપ જે કંઈ કહે છે તે વીતરાગની વાણી જ છે, પોતે જે અનુભવ્યું છે તે જ તે કહે છે. અહો, અંતરમાં જેને પોતાનો અનુભવ કરવો હોય તેને માટે આ વાત છે. આ શાસ્ત્રની પંડિતાઈથી મળે તેવી ચીજ નથી, આ તો અંતરના અનુભવની ચીજ છે. આ સમજવામાં સમ્યગ્દષ્ટિ જીવ જ નિમિત્તપણે હોય છે; અને તે સમ્યગ્દષ્ટિને પોતે ઓળખે ત્યારે જ તેની વાણી સમ્યક્ત્વનું નિમિત્ત થાય છે. એકલી વાણી નિમિત્ત નથી પણ તેનો આત્મા મુખ્ય નિમિત્ત છે, તેથી તેને અંતરંગ હેતુ કહ્યો છે. નિમિત્ત તરીકે તે અંતરંગ હેતુ છે, ને ઉપાદાન તરીકે પોતાના અંતરમાં પરમ શુદ્ધ તત્ત્વ બિરાજે છે, તેનું અવલંબન લેતાં નિશ્ચય સમ્યક્ત્વ થાય છે; તે મોક્ષનો હેતુ છે.

## પરમાગમનું કોતરકામ:

ઈટાલિયન મશીનદ્વારા સોનગઢના અજિતપ્રેસમાં પરમાગમોનું જે કોતરકામ ઝડપથી ચાલી રહ્યું છે તેમાં પંચાસ્તિકાય અને સમયસાર પૂરા થયા બાદ પ્રવચનસારનું કોતરકામ ચાલી રહ્યું છે; અને આ છપાય છે ત્યારે (માહસુદ દશમે) ૩૫ ગાથા સુધી કોતરાઈ ગયું છે. વૈશાખ સુદ બીજ સુધીમાં પરમાગમોનું કોતરકામ પૂરું થઈ જવાની ધારણા છે.

# પરમાત્મસ્વરૂપની પ્રતીતના પડકાર કરતું સમ્યગ્દર્શન પ્રગટે છે

## ધર્મી જીવ કોઈ સંયોગમાં આત્મસ્વરૂપને અન્યથા માને નહીં

( સમ્યગ્દર્શન-લેખમાળા લેખ નં-પ: લે. જેઠાલાલ હીરાચંદ શાહ, ચોરીવાડ )

સમ્યગ્દર્શન માટે આત્મસન્મુખ મુમુક્ષુ જીવના ભાવ વિશુદ્ધ થતા જાય છે, આત્મસ્વરૂપ સમજાવનારા સાચા દેવ-ગુરુ-શાસ્ત્ર પ્રત્યે તેને પ્રેમ જાગે છે, ધર્માત્માને દેખીને પ્રમોદ આવે છે. તેની વિચારધારા આત્માના સ્વભાવ તરફ ઢળે છે. પોતે પોતાના જ્ઞાયકસ્વભાવનો મહિમા લક્ષમાં લ્યે છે. પોતાના ચૈતન્યસ્વભાવી આત્માના અતીન્દ્રિય આનંદના વિચારોમાં ચિત્ત રમતાં તેને વિકલ્પોનો રસ ઓછો થતો જાય છે. હું જ્ઞાન સ્વભાવી છું, રાગ મારાથી જુદો છે-એમ ભિન્નસ્વરૂપ રાતદિવસ વિચારે છે, હું પરમાત્મા છું- એમ પોતાના સ્વભાવને પ્રતીતમાં લઈને તેનો અગાધ મહિમા ચિંતવે છે. આ રીતે જ્ઞાનના બળે પોતાના પરમાત્મસ્વરૂપની પ્રતીતના પડકાર કરતો જે આત્મા જાગ્યો તેને રાગની રુચિ રહે નહીં; હવે કયાંય અટકયા વગર રાગથી જુદો થઈ, અંદર જઈ, પરમાત્મતત્ત્વની અનુભૂતિ કર્યે જ છૂટકો.

આ રીતે સર્વજ્ઞસમાન પોતાના પૂર્ણસ્વરૂપને સાધવા જે જીવ ઉપડયો તેની પ્રતીતના પડકાર છાના રહે નહીં. જેવી રીતે રણે ચડેલા શૂરવીરો કાયરતાની વાતો કરતા નથી, તેવી રીતે વીરના માર્ગે ચૈતન્યની પરમાત્મદશાને સાધવા માટે રણે ચડેલા મુમુક્ષુઓ રાગની રુચિમાં રોકાતા નથી; રાગ નહિ, અલ્પતા નહિ, હું પૂર્ણાનંદથી ભરેલો ભગવાન છું-એમ સત્સ્વભાવના રણકાર કરતો જે જાગ્યો તેની શૂરવીરતા છાની રહે નહીં.

'હું પરમાત્મા છું' -એમ સ્વસન્મુખ થઈને પોતાને જે અનુભવે તે જ બીજા પરમાત્માને સાચા સ્વરૂપે ઓળખી શકે છે. પોતામાં રાગ વગરનું પરમાત્મપણું દેખ્યા વગર બીજા પરમાત્માના સ્વરૂપની સાચી ઓળખાણ થઈ શકે નહિ. ધર્મી જીવ બધા વિકલ્પોથી જુદો પડી, સર્વે ગુણોથી પૂરો પરમાત્મા હું છું-એમ ઉપયોગને અંતરમાં

જોડીને આત્માને પરમાત્મસ્વરૂપે અનુભવે છે ‘હું રાગી–દ્વેષી’ એવા સ્વરૂપે આત્માને ચિંતવતાં પરમાત્મપણું પ્રગટ થતું નથી; પણ ‘હું રાગી–દ્વેષી નહિ, હું તો ચૈતન્યભાવથી પૂરો પરમાત્મા છું’ –એમ આત્માને પરમાત્મસ્વરૂપે ચિંતવતાં પરમાત્મપણું પ્રગટે છે. વીતરાગમાર્ગનો સાધક ધર્મી જીવ, લોકો મને શું કહેશે–તે જોવા રોકાતો નથી, લોકોમાં મોટા ગણાતા માણસો કે વિદ્વાનો બીજું કહે તેથી તે શંકામાં પડતો નથી, માત્ર શાસ્ત્રના વિકલ્પમાં અટકતો નથી, પણ શાસ્ત્રોએ બતાવેલું વિકલ્પોથી પાર પોતાનું ચૈતન્યતત્ત્વ તેને. પ્રતીતમાં લઈને પોતાના અંતરમાં ચિંતવે છે.

હું સર્વજ્ઞસ્વભાવથી ભરપૂર ભગવાન છું–એવા અનુભવના જોરે વીરના પંથે મોક્ષમાર્ગ સાધવા નીકળ્યો તે સાધક જીવ અફરગામી છે, તે પાછો નહિ ફરે. હું વિકલ્પની જાતનો નહિ, હું તો સિદ્ધપરમાત્માની જાતનો છું–એમ પોતાના આત્માને સિદ્ધસ્વરૂપે ધ્યાવતાં સાધકના અંતરમાં પરમ આનંદરૂપી અમૃતધારા છૂટે છે. વચનથી પાર, અને મનના વિકલ્પોથીયે પાર, અતીન્દ્રિય આનંદસ્વરૂપ આત્મા તે સ્વભાવનો વિષય છે. અહા, પરમ અચિંત્ય એનો મહિમા છે, તેને તું અંતરમાં નજર કરીને, તેમાં ઉપયોગ જોડીને અનુભવમાં લે; તારા અંતરસ્વભાવને જોતાં તું ન્યાલ થઈ જઈશ. અંતર્મુખ ઉપયોગ વડે પરમાત્મા જેવા સ્વરૂપને લક્ષમાં લઈ ધર્મી એનું ચિંતન કરે છે; એ ચિંતનમાં પરમ આનંદનો ઉત્પાદ થાય છે ને વિકલ્પોના કોલાહલનો વ્યય થાય છે. વિકલ્પો વગરનું આત્મસ્વરૂપ છે, તે વિકલ્પ વડે અનુભવમાં આવે નહીં. આવા વિકલ્પાતીત પરમાત્મસ્વભાવને સાધવા જે જીવ જાગ્યો તે સાધકની રુચિના રણકાર કોઈ જુદી જ જાતના હોય છે. રાગની જાતથી એની જાત જુદી છે.

સમ્યક્ત્વ માટેના પ્રયત્નશીલ જીવની રહેણી–કરણી કોઈ જુદા જ પ્રકારની હોય છે; તેના પરિણામ શાંત હોય છે; ધર્મસંબંધી ઘણી નમ્રતા હોય છે, તેને કોઈ હઠાગ્રહ હોતો નથી, લોકભય હોતો નથી, કે લોકરંજન અર્થે તેનું જીવન હોતું નથી; તેની બાહ્યવૃત્તિઓ ઘણી નરમ થઈ જાય છે. શાંતભાવ અને આત્માની ઊંડી વિચારણાપૂર્વક, આત્મા કેમ સધાય તેની ધૂનમાં તે વર્તે છે.

સમ્યગ્દર્શન થતાં આત્માના ભાવ નિર્મળ થાય છે, તેના પરિણામ પોતાના સ્વભાવમાં ઊંડે–ઊંડે ઊતરેલા હોય છે. પરથી હું જુદો, રાગ મારો સ્વભાવ નહિ, જ્ઞાતાદ્રષ્ટા ભાવરૂપ હું છું–એવું નિજસ્વભાવનું ભાન તેને વર્તે છે. તે આત્મા જાણે છે કે હું

જ્ઞાન ને આનંદસ્વરૂપે શાશ્વત છું; આ જડ–શરીરના નાશથી મારો નાશ નથી, તેમ દેહની સાથે આત્માને એકતાને સંબંધ નથી; શરીર આત્માથી છૂટી જાય છે પણ જ્ઞાન કદી આત્માની છૂટું પડતું નથી, તેમજ રાગ છૂટતાં આત્મા એવો ને એવો રહે છે પણ જ્ઞાન વગર આત્મા કદી હોતો નથી. – આમ જ્ઞાનસ્વરૂપે જ તે પોતાને અનુભવે છે. તેથી મરણ વગેરે સંબંધી સાત ભયો તેને હોતાં નથી. દેહ છૂટવાનો સમય આવતાં 'હું મરી જઈશ' એવો ભય કે શંકા તેને થતા નથી. તે જાણે છે કે અસંખ્યપ્રદેશી મારું ચૈતન્ય શરીર અવિનાશી છે, તેનો કદી નાશ થતો નથી. જ્ઞાની કે અજ્ઞાની બંનેને દેહ તો છૂટે જ છે, પણ જ્ઞાનીએ દેહને જુદો જાણ્યો છે તેથી તેને ચૈતન્યલક્ષે દેહ છૂટી જાય છે, એટલે તેને સમાધિમરણ છે; અજ્ઞાનીને આત્માને ભૂલીને દેહબુદ્ધિપૂર્વક દેહ છૂટે છે તેથી તેને અસમાધિ જ છે.

ગમે તેવી પ્રતિકૂળતામાંય 'હું સ્વયંસિદ્ધ ચિદાનંદસ્વભાવી પરમાત્મા છું' એવી નિજાત્માની અંતર્પ્રતીત ધર્મીને કદી ખસતી નથી. આત્મસ્વભાવની આવી પ્રતીત તે સમ્યગ્દર્શન છે; સમ્યગ્દ્રષ્ટિને અતીન્દ્રિય આત્મસુખનો સ્વાદ આવી ગયો છે, તેથી બાહ્યવિષયોના સુખ– કે જે આત્માના સ્વભાવથી પ્રતિકૂળ છે–તેમાં તેને રસ આવતો નથી. ધર્મી કદાચ ગૃહસ્થ હોય, રાજા હોય, છતાં ચૈતન્યસુખના સ્વાદથી વિપરીત એવા વિષયસુખોમાં તેને રસ નથી; અંતરના ચૈતન્યસુખની ગટાગટી પાસે વિષયસુખોની આકુળતા તેને વિષ જેવી લાગે છે, એટલે તે તો 'સદનનિવાસી તદપિ ઉદાસી' છે.

સમ્યગ્દર્શન વગરનું ગમે તેટલું જાણપણું કે ગમે તેવાં શુભ–આચરણ તે કોઈ સમ્યગ્જ્ઞાન કે સમ્યક્ચારિત્ર કહેવાતાં નથી, એટલે તે મિથ્યા છે. માટે સમ્યગ્દર્શન જ સમ્યગ્જ્ઞાન ને સમ્યક્ચારિત્રનું બીજ છે. રાગથી ને બહારના જાણપણાથી સમ્યગ્દર્શનની જાત જ જુદી છે. સમ્યગ્દર્શન પોતે સવિકલ્પ અને નિર્વિકલ્પ એવા બે ભેદવાળું નથી; સમ્યક્ત્વ તો વિકલ્પોથી પાર, શુદ્ધાત્મશ્રદ્ધાનરૂપે જ વર્તે છે, તે કદી વિકલ્પને સ્પર્શતું નથી. સવિકલ્પદશાના કાળે પણ ધર્મીનું સમ્યક્ત્વ તો વિકલ્પ વગરનું જ છે.

જેણે સમ્યગ્દર્શન પ્રગટ કર્યું છે, અને એ રીતે સંપૂર્ણ સ્વરૂપનો જે સાધક થયો છે તે કોઈપણ સંયોગોમાં ભયથી, લજ્જાથી કે લાલચથી, કોઈપણ પ્રકારે અસત્‌ને પોષણ નહિ જ આપે. એ માટે કદાચ દેહ છૂટવા સુધીની પ્રતિકૂળતા આવી પડે તો પણ તે સત્‌થી ચ્યુત નહિ જ થાય, આત્મસ્વરૂપને અન્યથા નહિ માને, ને અસત્‌નો આદર

નહિ કરે. આ રીતે સ્વરૂપના સાધકો નિઃશંક અને નીડર હોય છે. સત્‌સ્વરૂપની શ્રદ્ધાના જોરમાં, અને આત્માના પરમ મહિમા પાસે તેને કોઈ પ્રતિકૂળતા છે જ નહીં. જો સત્‌થી ચ્યુત થાય તો તેને પ્રતિકૂળતા આવી કહેવાય. પણ ક્ષણેક્ષણે સત્‌માં જે વિશેષ દ્રઢતા કરી રહ્યો છે તેને તો પોતાના બેહદપુરુષાર્થ પાસે જગતમાં કોઈપણ પ્રતિકૂળતા નથી. એ તો પોતાના પરિપૂર્ણ સત્‌સ્વરૂપ સાથે અભેદ થઈ ગયો, તેમાંથી તેને ડગાવવા જગતમાં કોણ સમર્થ છે? – અહો, આવા સમ્યગ્દ્રષ્ટિને ધન્ય છે... ધન્ય છે.

સમ્યગ્દ્રષ્ટિ પોતાના જ્ઞાયકસ્વભાવને જ સ્વતત્ત્વપણે અનુભવતો થકો તેનો વિસ્તાર કરે છે, અને તેને પોતાની પર્યાયમાં પ્રસિદ્ધ કરે છે. તેને આત્મશુદ્ધિની વૃદ્ધિ થાય છે, અશુદ્ધતાની હાનિ થાય છે, ને કર્મો છૂટતા જાય છે. સમ્યગ્દ્રષ્ટિજીવનો આત્મા શાંતરસનો સમુદ્ર છે. જ્યાં સમ્યગ્દર્શન થયું ત્યાં જ્ઞાનબીજ ઊગી, તે વધીને કેવળજ્ઞાન–પૂર્ણિમારૂપે અનંતકળાએ ખીલી ઊઠશે. સમ્યગ્દર્શન થતાં ધર્મી જીવ પોતાના આત્માને આવો અનુભવે છે કે–

**કેવલદરશ, કેવલવીરજ, કૈવલ્યજ્ઞાનસ્વભાવી છે,**
**વળી સૌખ્યમય છે જેહ તે હું-એમ જ્ઞાની ચિંતવે.**
**નિજભાવને છોડે નહીં, પરભાવ કંઈ પણ નવ ગ્રહે,**
**જાણે-જુએ જે સર્વ, તે હું-એમ જ્ઞાની ચિંતવે.**
**મારો સુશાશ્વત એક દર્શનજ્ઞાનલક્ષણ જીવ છે;**
**બાકી બધા સંયોગલક્ષણ ભાવ મુજથી બાહ્ય છે.**

જ્ઞાનદર્શનલક્ષણ સિવાય બીજા જે કોઈ સંયોગાશ્રિત રાગાદિ ભાવો છે તે મારાથી બહાર છે; મારામાં તે નથી ને તેનામાં હું નથી; હું તેનાથી જુદો શુદ્ધ જ્ઞાનદર્શનમય છું; મારું જ્ઞાનદર્શનલક્ષણ શાશ્વત છે, ને રાગ–દ્વેષાદિ તો ક્ષણિક સંયોગાશ્રિત ભાવો છે, તે કાંઈ મારા આત્મામાંથી ઉત્પન્ન થયેલા નથી, તેથી તે હું નથી. સમ્યગ્દર્શન થતાં મારા સ્વરસનો અપૂર્વ આનંદ અનુભવમાં આવ્યો, આત્માની સહજ શાંતિ પ્રગટી, આનંદના દરિયામાં આત્મા મગ્ન થયો, અંદરમાં આત્મશાંતિનું અદ્‌ભુત–અપૂર્વ–અચિંત્ય વેદન થયું. અંતરમાં સુખમય અનંતા ભાવોના વેદનથી સમ્યગ્દર્શન ભરેલું છે હું ભગવાન આત્મા છું–એમ જે નિર્વિકલ્પ શાંતરસપણે અનુભવાય છે તે જ સમ્યગ્દર્શન

છે. સ્વાનુભૂતિના અનંતા ભાવોથી ઉલ્લસતો શાંતરસનો સમુદ્ર આત્મા પોતે સમ્યગ્દર્શનસ્વરૂપ છે.

પરભાવોથી ભિન્ન અને નિજસ્વભાવોથી પરિપૂર્ણ એવા આત્માને અનુભવમાં લેતું સમ્યગ્દર્શન પ્રગટે છે. આવા પૂર્ણ શુદ્ધ આત્માને અનુભવમાં દેખતાં જ સમસ્ત વિકલ્પજાળ વિલય પામે છે, એટલે કે જ્ઞાનપર્યાય અંતર્મુખ લીન થઈને અભેદપણે આત્માને અનુભવે છે. સમ્યગ્દર્શન થતી વખતે અનુભવમાં આવેલું અચિંત્ય ચૈતન્યતત્ત્વ ધર્મી જીવની પ્રતીતમાંથી કદી છૂટતું નથી; તે જ તત્ત્વની પ્રતીતપૂર્વક આગળ વધતો–વધતો તે પરમાત્મા થાય છે.

**આવી પરમાત્મદશાનું કારણ સમ્યગ્દર્શન જયવંત વર્તો.**

[ આ લેખમાળામાં છપાતા જુદા જુદા જિજ્ઞાસુઓ દ્વારા લખાયેલા લેખો સંપાદક દ્વારા યોગ્ય સંશોધન–વર્દ્ધન કરીને પછી છપાય છે ]




* સોનગઢ–કુંદકુંદ મુમુક્ષુનિવાસમાં રહેતા વઢવાણવાળા ઝવેરીબેન મણીલાલ તા. ૪–૨–૭૩ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ ૨૮ વર્ષથી સોનગઢમાં રહીને લાભ લેતા હતા. સ્વર્ગવાસના આગલા દિવસે ગુરુદેવ દર્શન દેવા પધાર્યા ત્યારે તેમણે ખૂબ પ્રસન્નતા વ્યક્ત કરી હતી.

* દાહોદમુકામે ભાઈશ્રી ગેંદાલાલ ઓચ્છવલાલ કોઠારી તા. ૨૪–૧–૭૩ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* વીંછીયાના ભાઈશ્રી અમૃતલાલ બાવળના ધર્મપત્ની શ્રી ગોમતીબેન ( ઉ. વ. ૭૫ ) માગશર સુદ દશમના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* જામનગરના ભાઈશ્રી ત્રિભુવનદાસ ઠાકરશી બાવીશી ( ઉ. વ. ૯૨ ) તા. ૭–૨–૭૩ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

–સ્વર્ગસ્થ આત્માઓ વીતરાગી દેવગુરુધર્મના શરણે આત્મશાંતિ પામો.

# વિવિધ તત્ત્વ ચર્ચા

[ આ વિભાગમાં જિજ્ઞાસુઓના પ્રશ્નોના ઉત્તર અપાય છે. ]

પ્રશ્ન :– આત્માનું શ્રવણ ને ચિંતન કરતાં કોઈવાર એવા ભાવો ઉલ્લસી જાય છે કે જાણે હમણાં જ અંદર ઊતરીને એને અનુભવી લઈ એ. –પણ પછી પાછા ભાવ ઢીલા પડી જાય છે, ને તેવો પુરુષાર્થ ઊપડતો નથી, તેનું કારણ શું?

ઉત્તર :– એમાં આત્માનો સામાન્ય–પ્રેમ છે, પણ ખરેખરી તીવ્ર ધગશની ખામી છે; જો ખરેખરી... તીવ્ર.. ‘આત્મસ્પર્શી’ લગની હોય તો પરિણામ અંતરમાં વળીને સ્વકાર્ય સાધ્યા વગર રહે નહિ. માટે ફરીફરી પ્રયત્ન ચાલુ રાખીને લગનીની તીવ્રતા વધારવી. ચૈતન્યવસ્તુનું સ્વરૂપ લક્ષગત કરીને તેની સાચી લગની લાગતાં પુરુષાર્થ જરૂર ઊપડે છે; ને આત્માના પરમ મહિમાથી ઊંડા ચૈતન્યરસને ઘૂંટતા–ઘૂંટતા અંતે પરિણામ તેમાં તન્મય થઈને સાક્ષાત્ અનુભવ જરૂર કરી લ્યે છે. આત્માનો જેવો ગંભીર મહિમા છે તેવો બરાબર લક્ષમાં આવતાં અચિંત્ય રસથી પરિણામ પોતામાં એકાગ્ર થઈ જાય છે, –એ જ સાચો પુરુષાર્થ છે.

પ્રશ્ન :– સર્વજ્ઞ છે એ કેમ નક્કી થાય?

ઉત્તર :– આત્મા જ્ઞાનસ્વભાવ છે; તેને જ્યારે રાગાદિનો કે જ્ઞાનાવરણાદિ કર્મનો કોઈ પ્રતિબંધ ન રહ્યો ત્યારે તેની પૂર્ણશક્તિ પ્રગટ થઈ, તેમાં કોઈ વિઘ્ન રહ્યું નહીં, એટલે સર્વજ્ઞતા થઈ. આત્માનો જ્ઞાનસ્વભાવ નક્કી કરતાં, ‘સર્વજ્ઞ છે’ એમ પણ અવશ્ય નક્કી થાય છે જ્ઞાનસ્વભાવની જેને પ્રતીત ન હોય તેને સર્વજ્ઞની ખરી પ્રતીત થાય નહિ સ્વાનુભવસહિત જ્ઞાનસ્વભાવની પ્રતીતિ તે જ સર્વજ્ઞની સાચી ભક્તિ ને ઉપાસના છે–એ વાત સમયસાર ગાથા ૩૧ માં તથા પ્રવચનસાર ગા. ૮૦ વગેરેમાં આચાર્યદેવે બહુ સરસ સમજાવી છે. રાગથી જુદો પડીને, ‘હું જ્ઞાનસ્વભાવી આત્મા છું’ એવી ઓળખાણ વડે સર્વજ્ઞનું અસ્તિત્વ નક્કી થઈ જાય છે. અને સર્વજ્ઞનું અસ્તિત્વ નક્કી કરનારો જીવ પોતે સર્વજ્ઞપદનો સાધક થઈ જાય છે.

પ્રશ્ન :– પાંચ ભાવોમાંથી બંધનું કારણ કોણ?

ઉત્તર :– એક ઉદયભાવ, અને તેમાં પણ મોહરૂપ ઉદયભાવ, તે જ બંધનું કારણ છે; અન્ય કોઈ ભાવો બંધના કારણ નથી.

પ્રશ્ન :– પાંચ ભાવોમાંથી મોક્ષનું કારણ કોણ?

ઉત્તર :– ઉપશમભાવ, ક્ષાયિકભાવ તથા સમ્યક્‌ક્ષયોપશમભાવ, તે મોક્ષનાં કારણ છે. પારિણામિકભાવ બંધનું કે મોક્ષનું કારણ નથી; તે બંધ મોક્ષના હેતુપણાથી રહિત છે.

પ્રશ્ન :– ઋદ્ધિ કેટલી ?

ઉત્તર :– બુદ્ધિઋદ્ધિ વગેરે આઠ મહાઋદ્ધિ છે, તેના પેટાભેદ ૬૪ છે. તે ૬૪ ઋદ્ધિમાં સૌથી પહેલી કેવળજ્ઞાન–બુદ્ધિરૂપ મહાઋદ્ધિ છે. આત્મા નિજવૈભવની અપેક્ષાએ તો કેવળજ્ઞાનાદિ અનંતા ગુણોની ચૈતન્યઋદ્ધિનો ભંડાર છે.

પ્રશ્ન :– ચૌદ બ્રહ્માંડનો વિસ્તાર કેટલો ?

ઉત્તર :– ચૌદ બ્રહ્મંડનો વિસ્તાર ૩૪૩ ઘનરાજુ છે. ( અસંખ્યાત યોજનનો એક રાજુ થાય. ) સમસ્ત જીવને અજીવ પદાર્થોનો સમૂહ તે જ ચૌદ બ્રહ્માંડ; તેની ઊંચાઈ ૧૪ રાજુ છે. એની બહાર બધી બાજુ ખાલી અનંત આકાશ છે તેને અલોક કહેવાય છે.

પ્રશ્ન :– જીવ અહીંથી મરીને સીધો જ બીજી ગતિમાં જાય છે, કે વચ્ચે કયાંય બીજે જઈને પછી પોતાના કર્મમુજબ ગતિમાં જાય છે ?

ઉત્તર :– જીવ એક ગતિમાંથી મરીને તરત જ તત્ક્ષણે જ બીજી ગતિમાં અવતરે છે, વચ્ચે કયાંય બીજે જતો નથી. બે ગતિ વચ્ચે એક સમયનું પણ અંતર ખાલી નથી. એક જીવ મનુષ્યમાંથી મરીને સ્વર્ગમાં જતો હોય ત્યાં રસ્તામાં એક કે બે સમય હોય ત્યારે પણ તેને સ્વર્ગનો ભવ શરૂ થઈ ગયો છે. એ જ રીતે સ્વર્ગમાંથી મનુષ્યમાં આવી રહેલો જીવ, રસ્તામાં હોય–હજી માતાના પેટમાં ન આવ્યો હોય ત્યારે પણ તેને મનુષ્ય ગણાય છે, તે વખતે તે મનુષ્યગતિમાં છે.

પ્રશ્ન :– આ શરીર–મકાન–પૈસા–કુટુંબ કાંઈ આત્માનું નહિ, તો જગતમાં આત્માનું શું ?

ઉત્તર :– આત્માનું જ્ઞાન ! જ્ઞાન સાથે પ્રભુતા, સુખ, આનંદ, સ્વચ્છતા, સ્વાધીનતા, પરમ શાંતિ એમ અનંતો વૈભવ આત્મામાં છે.

## આત્મધર્મ-પ્રચાર તથા બાલવિભાગ ખાતે આવેલ રકમોની યાદી

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧૦૧ | બાલુભાઈ ત્રિભુવનદાસ વોરા | મોટા આંકડિઆ | ૫૧ | મનસુખલાલ છોટાલાલ ઝોબાળીઆ | સોનગઢ |
| ૨૫ | લલિતાબેન દામોદરદાસ વકીલ | કુંડલા | ૨૫ | ગંગાબેન રતિલાલ પારેખ | જામનગર |
| ૨૧ | પ્રભુદાસ તારાચંદ કામદાર | સોનગઢ | ૨૫ | સુધેશકુમાર અનંતરાય | જલગાંવ |
| ૫૧ | કંચનબેન હિંમતલાલ વોરા | સોનગઢ | ૨૫ | શાનબાળા વૃજલાલ શાહ | જલગાંવ |
| ૨૫ | ગુલાબચંદ ભગવાનજી હેમાણી | કલકત્તા | ૧૦૧ | પ્રેમચંદ કેશવજી શાહ | નાઈરોબી |
| ૨૧ | વિજયાબેન હરગોવિંદદાસ મોદી | સોનગઢ | ૧૦૧ | વી. આર. દેસાઈ | સિકંદરાબાદ |
| ૨૫ | અનુપચંદ પોપટલાલ સંઘવી | ઘાટકોપર | ૪૯ | બ્ર. હરિલાલ જૈન | મોરબી |
| ૧૧ | દર્શનાબેન હરકિશનદાસ વારીઆ | જામનગર | ૨૦૧ | ડો. ચીમનલાલ નેમચંદ શ્રોફ | મુંબઈ |
| ૨૫ | રંજનબેન ધીરજલાલ વોરા | મુંબઈ | | | |

# નિ... જ... ભા... વ... ના

* આત્મવસ્તુ પરમ મહિમાવંત છે. જો આત્માનો મહિમા ન હોય તો પછી જગતમાં બીજા કોનો મહિમા કરવો? ભાઈ! મહિમાવંત વસ્તુ જ પોતાનો આત્મા છે, તેનો મહિમા લાવીને તેને ધ્યેય કર, તેને ધ્યેય કરતાં સમ્યગ્દર્શનરૂપ કાર્ય જરૂર થઈ જશે.

* મોક્ષને માટે હે જીવ! તારે શુદ્ધરત્નત્રય કરવા યોગ્ય છે; તે રત્નત્રયના કારણરૂપ એવા કારણપરમાત્માને તું અત્યંત શીઘ્ર ભજ. –તે તું જ છો. ક્યાંય બહારમાં તારું કારણ નથી; અંતરમાં તારું પરમસ્વરૂપ છે તેને જ તું કારણપણે ભજ.

* અહો! મારો આત્મા પોતે પરમસ્વભાવરૂપ કારણપરમાત્મા બિરાજે છે. –આમ નિજાત્માને દેખનાર ધર્મી જીવ, પર્યાયમાં પરભાવ હોવા છતાં શુદ્ધ દ્રષ્ટિથી પોતાને અંતરમાં કારણપરમાત્મારૂપે દેખે છે; તેથી કોઈ પરભાવમાં તેને આત્મબુદ્ધિ થતી નથી, તેનાથી પોતાને જુદો જ દેખે છે.

* પરભાવો છે તે પરભાવરૂપે છે, –તે વખતે હું કેવો છું? સહજ ગુણમણિની ખાણ છું; પૂર્ણજ્ઞાન ને સહજ આનંદ મારું સ્વરૂપ છે, –એમ પરભાવથી પૃથક્કરણ કરીને ધર્મી પોતાને શુદ્ધ અનુભવે છે, એટલે તે શુદ્ધતાને ભજે છે, પરભાવને ભજતા નથી.

* પર્યાયમાં પરભાવ હોવા છતાં તેને બાદ કરીને ગુણનિધાન આત્માને એકને જ જે અનુભવે છે તે તીક્ષ્ણબુદ્ધિ છે; ઇન્દ્રિયોથી પાર થઈને તીક્ષ્ણબુદ્ધિવડે એટલે કે અતીન્દ્રિયજ્ઞાન વડે તેણે પોતાના શુદ્ધઆત્માને અનુભવમાં લીધો છે.

* શુભરાગમાં કે શાસ્ત્રના ભણતર વગેરેમાં રોકાયેલી બુદ્ધિને તીક્ષ્ણબુદ્ધિ નથી કહેતા, તે તો સ્થૂળ છે; અજ્ઞાનીને પણ એવા સ્થૂળભાવ તો આવડે છે. ગુણભેદના વિકલ્પો પણ સ્થૂળમાં જાય છે. રાગથી જુદી પડેલી ચૈતન્યસન્મુખ બુદ્ધિને જ તીક્ષ્ણબુદ્ધિ કહીએ છીએ. એવી તીક્ષ્ણબુદ્ધિ વડે સમ્યગ્દ્રષ્ટિ જીવ મોક્ષને સાધે છે.

---

પ્રકાશકઃ શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ (સૌરાષ્ટ્ર) પ્રતઃ ૩૨૫૦
મુદ્રકઃ મગનલાલ જૈન. અજિત મુદ્રણાલયઃ સોનગઢ (સૌરાષ્ટ્ર) : માહ (૩૫૨)